


આત્મધર્મ

માસિક : વર્ષ-૧૯ * અંક-૯ * મે, ૨૦૨૫

# પરમાગમ
# શ્રી ષટ્ખંડાગમ

આ પ્રથમ શ્રુતસ્કંધની રચના સર્વપ્રથમ જ્યેષ્ઠ સુદી-૫ના રોજ પૂર્ણ થઈ તથા તે દિવસે ચતુર્વિધ સંઘે જિનવાણીમાતાની ઘણા જ ભાવવિભોર થઈને પૂજા ભક્તિ કરી. ત્યારથી તે દિવસ શ્રુતપંચમીના રૂપે ઉજવવામાં આવે છે.

આ ગ્રંથમાં આત્મા અને કર્મના નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી આત્માની વિવિધ અવસ્થાઓ દ્વારા આત્માનું વિસ્તૃત સ્વરૂપ ઘણી જ ગંભીરતાથી બતાવવામાં આવ્યું છે. આવા સિદ્ધાન્તગ્રંથોનો હેતુ અને સ્વાધ્યાયનું ફળ સમ્યગ્જ્ઞાન-ચંદ્રિકાકાર અનુસાર અજ્ઞાનનો વિનાશ, સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ, પ્રતિસમય અનંત ગુણશ્રેણી નિર્જરાનું થવું, તદુપરાંત બાહ્ય અભ્યુદય અને નિઃશ્રેયસતાની પ્રાપ્તિ થવી તે છે.

આ ગ્રંથની રચના વિક્રમની બીજી શતાબ્દીમાં થઈ છે એવો વિદ્વાનોનો મત છે. આ કોઈ અખંડ ધારાવાહી ગ્રંથ નથી. પરંતુ તેના છયે ખંડો બાર અંગના અલગ અલગ પૂર્વના વિષયોથી રચાયા છે. તેથી આ છ ખંડોનો એક 'ષટ્ખંડાગમ' નામનો ગ્રંથ બન્યો છે. આ 'ષટ્ખંડાગમ' શાસ્ત્ર પર ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે 'પરિકર્મ' નામની ટીકા લખી હતી જે વર્તમાનમાં અપ્રાપ્ય છે. ભગવાન શ્રી વીરસેનાચાર્યદેવે ઈ.સ. ૭૭૦ થી ૮૨૭ દરમિયાન આ ગ્રંથ પર ૭૨ હજાર શ્લોક પ્રમાણ 'ધવલા' ટીકા લખી છે. તથા ભગવાન શ્રી ભૂતબલી આચાર્યએ આ ગ્રંથના છઠ્ઠા ખંડની ૩૦-૪૦ હજાર શ્લોકપ્રમાણ 'મહાધવલ' નામની ટીકા લખી છે. 'ષટ્ખંડાગમ' રચયિતા આચાર્યદેવ પુષ્પદંત અને ભૂતબલિ ભગવાનને કોટિ કોટિ વંદન.

આ સર્વ ગ્રંથાધિરાજો પૂજ્ય ગુરુદેવશ્રીના સમય પૂર્વે માત્ર 'દર્શનીય' હતા. કાળની કોઈ ઉત્તમ વિધિથી શ્રુતલબ્ધિવંત પૂજ્ય ગુરુદેવશ્રીના સમયમાં 'ધવલાદિ' શાસ્ત્રો જે મૂળ પ્રતરૂપે ગુપ્ત હતા તેઓ પ્રકાશિત થઈને બહાર આવ્યા. તેથી એવા ગ્રંથના અધ્યયનથી આપણને ઉક્ત ફળની પ્રાપ્તિ થાય તે જ ભાવના.

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

● આ (ઔદાયિકાદિ) બધા ભાવો ખરેખર વ્યવહારનયનો આશ્રય કરીને (સંસારી જીવોમાં વિદ્યમાન) કહેવામાં આવ્યા છે; શુદ્ધનયથી સંસારમાં રહેલાં સર્વજીવો સિદ્ધસ્વભાવી છે. ૮૮. (શ્રી કુંદકુંદાચાર્યદેવ, નિયમસાર, ગાથા-૪૯)

● આ વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યંત ભાવો કહેવામાં આવ્યા તે વ્યવહારનયથી તો જીવના છે (માટે સૂત્રમાં કહ્યાં છે) પરંતુ નિશ્ચયનયના મતમાં તેમનામાં કોઈ પણ જીવના નથી. ૯૦. (શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા-૫૬)

● 'શુદ્ધ જીવાસ્તિકાયથી અન્ય એવા જે બધા પુદ્‌ગલદ્રવ્યના ભાવો તે ખરેખર અમારા નથી'-આમ જે તત્ત્વવેદી સ્પષ્ટપણે કહે છે તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે. ૯૧. (શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૭૮)

● ચૈતન્યશક્તિથી વ્યાપ્ત જેને સર્વસ્વ સાર છે એવો આ જીવ એટલો જ માત્ર છે; આ ચિત્શક્તિથી શૂન્ય જે આ ભાવો (ગુણસ્થાનાદિ) છે તે બધાય પુદ્‌ગલજન્ય છે-પુદ્‌ગલના જ છે. ૯૨. (શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૩૬)

● આ જે વિવિક્ત-કર્મકલંક રહિત નિર્ભય અને નિરામય (નિર્વિકાર) અંતરંગ (અધ્યાત્મ) જ્યોતિ છે તે પરમ તત્ત્વ છે, તેનાથી ભિન્ન બીજું બધું ઉપદ્રવ છે. ૯૩.
(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, ચૂલિકા અધિકાર, શ્લોક-૩૩)

● કર્મના ઉદયનો વિપાક (ફળ) જિનવરોએ અનેક પ્રકારનો વર્ણવ્યો છે તે મારા સ્વભાવો નથી; હું તો એક જ્ઞાયકભાવ છું. ૯૪.

● જેવી રીતે ઘાસ, લાકડાં, વાંસ અથવા જંગલમાં અનેક ઈંધન આદિ અગ્નિમાં બળે છે, તેમના આકાર ઉપર ધ્યાન દેવાથી અગ્નિ અનેકરૂપ દેખાય છે, પરંતુ જો માત્ર દાહકસ્વભાવ ઉપર દૃષ્ટિ મૂકવામાં આવે તો સર્વ અગ્નિ એકરૂપ જ છે; તેવી જ રીતે જીવ (વ્યવહારનયથી) નવ તત્ત્વોમાં શુદ્ધ, અશુદ્ધ, મિશ્ર આદિ અનેકરૂપ થઈ રહ્યો છે; પરંતુ જ્યારે તેની ચૈતન્યશક્તિ પર વિચાર કરવામાં આવે છે ત્યારે (શુદ્ધનયથી) અરૂપી અને અભેદરૂપ ગ્રહણ થાય છે. ૯૫.
(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, જીવદ્વાર, પદ-૮)

● 'હું એકલો છું' આ પ્રકારની બુદ્ધિથી અદ્વૈત તથા 'હું કર્મ સંયુક્ત છું' આ પ્રકારની બુદ્ધિથી દ્વૈત થાય છે. આ બંનેમાંથી પ્રથમ વિકલ્પ (અદ્વૈત) અવિનશ્વર મુક્તિનું કારણ અને દ્વિતીય વિકલ્પ (દ્વૈત) કેવળ સંસારનું કારણ છે. ૯૬.
(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, નિશ્ચય પંચાશત્, શ્લોક-૪૫)

વર્ષ–૧૯
અંક–૯




વિ. સંવત
૨૦૮૧
May
A.D. 2025



# પરમાગમ શ્રી પ્રવચનસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(ગાથા-૬૩-૬૪ના પ્રવચનમાંથી)

## કેવળજ્ઞાન સર્વથા અનુમોદવા યોગ્ય છે.

ચક્રવર્તીઓ, ભુવનપતિઓ, ઈન્દ્રો અને સુરેન્દ્રો વગેરે મોટા વૈભવવાળા જે ઈન્દ્રિયોમાં ને ઈન્દ્રિયોના વિષયોમાં સુખ માને છે તે દુઃખ સહન નહિ કરી શકવાથી સંસારી વિષયોમાં રમે છે. અહીં ઈન્દ્રો વગેરે લીધા છે, મોટા વૈભવવાળા લીધા છે એટલે એમાં નાના આવી જાય છે. સમકિતી ઈન્દ્રોની વાત અહીં નથી.

અજ્ઞાની જીવો અતીન્દ્રિયજ્ઞાનની રુચિ નહીં કરતાં પરોક્ષ ઈન્દ્રિયજ્ઞાનનો આશ્રય કરે છે તેથી પરોક્ષ ઈન્દ્રિયજ્ઞાનમાં નિમિત્ત પાંચ ઈન્દ્રિયો તરફ વલણ સ્વાભાવિક થઈ ગયું છે. સ્પર્શ, રસ, ગંધ, વર્ણના પદાર્થો તરફ પ્રીતિ કરે છે, પણ તેઓ દુઃખી છે ને દુઃખ સહન નહિ થવાથી જે વિષયો ઠીક લાગે તે ભોગવે છે.

મિથ્યાત્વરૂપી પર્યાય આત્માના સ્વભાવનો કોળિયો કરી ગઈ છે. ઈન્દ્રિયો ને વિષયોમાં એકમેક થઈ ગયેલો જીવ ચૈતન્ય, નિજ સ્વભાવ ભૂલી ગયો છે. જ્ઞાતાદૃષ્ટા, સુખસ્વરૂપ, આત્માની રુચિ છોડીને પરમાં સુખ માનીને કહેવાતા સુખમાં ઈન્દ્રિયો નિમિત્ત છે તેથી ઈન્દ્રિયોની રુચિ કરી રહ્યો છે. આવો જીવ મિથ્યાત્વ ને અજ્ઞાનમાં બળી-જળી રહ્યો છે. વસ્તુ તો એની એ જ હોય પણ આવી રીતે ભોગવું ને આમ ભોગવું–

| શ્રી વિમલનાથ સ્તુતિ | નિત્યત્વ અનિત્યત્વ નયવાદ સારા,<br>અપેક્ષા વિના આપપર નાશકારા; | શ્રી સ્વયંભૂ–સ્તોત્ર |
|---|---|---|

એમ જુદા-જુદા પ્રકારના રાગ કરી રહ્યો છે.

જેવી રીતે તપેલા લોઢાના ગોળાને પાણીની અત્યંત તૃષા લાગી હોય ને પાણી જેમ શોષી લ્યે તેવી રીતે અજ્ઞાની જીવને મહા મોહરૂપી તૃષ્ણા ઉત્પન્ન થઈ છે તેથી જુદી જુદી ઈન્દ્રિયો દ્વારા જુદા જુદા પદાર્થને ભોગવી સુખ મેળવી લઉં એવા મોહ સાથે એકાકાર થવાથી—પીડા સહન નહિ થવાથી પીડાના નિવારણ માટે જુદા જુદા વિષયોમાં રમે છે.

પોતાનો અનાકુળ શાંત સ્વભાવ રમ્ય ન લાગ્યો તે વિષયોને રમ્ય માને છે. વિષયો તો ખરેખર જ્ઞેય છે, તેમાં સુખ કે દુઃખ નથી, પણ અજ્ઞાની પોતાના અજ્ઞાનના કારણે વિષયોને રમ્ય માને છે માટે અહીં વિષયો રમ્ય કહ્યા છે. તે વિષયો ભોગવીને ઘડીભર શાંતિ થઈ—એમ માને છે. ખરેખર, તે રોગનો ઈલાજ નથી. જો રોગનો ઈલાજ એ હોય તો જુદા જુદા વિષયોને કેમ ફેરવે ? સવારે ચા પીવે, પછી દુકાને જાય, પછી ખાય, પછી આરામ કરે, પાછો સાંજે ખાય તથા પદાર્થો પણ જુદા જુદા ફેરવી ફેરવીને ચાખવા ભોગવવાની ઈચ્છા કરે છે તેથી તે ખરેખર રોગનો ઈલાજ નથી પણ અજ્ઞાની તેમ ઉંધી રીતે માની રહ્યો છે.

અહીં ઈન્દ્રિયો વ્યાધિ સમાન કહી છે ને વિષયો વ્યાધિના ઈલાજ સમાન કહ્યા છે. કારણ કે ઈન્દ્રિયો પર તરફનું વલણ તે જ વ્યાધિ છે, વ્યાધિ ઓછી કરવા વિષયો તરફ અજ્ઞાની લક્ષ કરે છે તેથી એમ કહ્યું છે. ખરેખર ઈન્દ્રિયો તેમજ વિષયો બંને જ્ઞેય છે. અજ્ઞાની જીવ અનુકૂળતાના પ્રસંગો હોય તોપણ રાગની આકુળતાથી દુઃખી છે ને પ્રતિકૂળતાના પ્રસંગો હોય તો દ્વેષની આકુળતાથી દુઃખી છે. અજ્ઞાની જીવ ઈન્દ્રિયો તરફ એકાન્ત વલણ કરી રહ્યો છે તેને પારમાર્થિક સુખ નથી.

જે જીવોને પાંચ ઈન્દ્રિયોના વિષયમાં પ્રેમ છે તેમને દુઃખ સ્વાભાવિક છે. જો દુઃખ તેમનો સ્વભાવ ન હોય તો જુદા જુદા વિષયો અર્થે પ્રવૃત્તિ હોઈ શકે નહિ. અજ્ઞાની જીવો પોતાના આત્મામાં સુખ છે, આનંદ છે, તે ચૂકીને ઈન્દ્રિયોની રુચિ કરીને સુખ મેળવવા ઈચ્છે છે. આબરૂ સારી પેદા કરૂં, પૈસા કમાઈને સુખ પેદા કરું, કુરૂપ ટાળીને સુરૂપ મેળવું—આમ જે ઈન્દ્રિયોમાં સુખ મેળવવા માગે છે તેને ઈન્દ્રિયો જીવતી છે, આત્મા જીવતો નથી. ચૈતન્ય આખો ખોવાઈ ગયો છે. આત્મા અને ઈન્દ્રિય બંને જુદા પદાર્થ છે. આત્મા ચૈતન્ય છે, ઈન્દ્રિય જડ છે, બંનેને અત્યંત અભાવ છે, તેથી ઈન્દ્રિયો સુખ કેવી રીતે આપી શકે ?

**અપેક્ષા સહિત હૈ સ્વપર કાર્યકારી,**
**વિમલનાથ તુમ તત્ત્વ હી અર્થકારી. ૬૧**

અહીં ઈન્દ્રિયોને હત (નિંદ્ય) કહી છે. ઈન્દ્રિયો તો નિંદ્ય નથી. તે તો જ્ઞેય છે, પણ અજ્ઞાનીની ઈન્દ્રિયો તરફની રુચિ નિંદ્ય છે. તેનો આરોપ શાસ્ત્રકારે ઈન્દ્રિય ઉપર કર્યો છે. અજ્ઞાનીને જે દુઃખ છે તે બહારના સંયોગને લીધે નથી. પણ સ્વાભાવિક જ છે, એટલે પોતે કલ્પના કરે છે ને પોતાના પર્યાયમાં મોહ કરે છે, પણ મોહ નિમિત્તે કરાવ્યો નથી માટે સ્વાભાવિક કહ્યો છે.

(૧) હાથી સ્પર્શેન્દ્રિયના વિષયમાં સુખ માનીને ખોટી હાથણીને ભોગવવા જાય છે ત્યાં ખાડામાં પડે છે. સંસારી જીવોને સ્પર્શ ઈન્દ્રિય અનાદિકાળથી છે તેથી પહેલી લીધી છે. અહીં હાથી ખાડામાં પડ્યો તે દુઃખનું કારણ નથી પણ સ્પર્શની રુચિ તે દુઃખનું કારણ છે. (૨)માછલું લોઢાના કાંટામાં રાખેલ વસ્તુ ખાવા જતાં કાંટો ભોંકાઈ જતાં મરણ પામે છે. કાંટાનું ભોકાવું તે દુઃખનું કારણ નથી પણ રસમાં સુખબુદ્ધિ છે તે દુઃખનું કારણ છે. (૩) ભમરો બીડાઈ જવાને તત્પર કમળમાં ગંધ લેવા જાય છે ને હાથી આવીને કમળ ખાઈ જાય છે. અહીં પણ સુગંધ તરફ પ્રીતિની રુચિ તે દુઃખ છે. (૪) પતંગિયું દીવાની જ્યોતમાં ઝંપલાવે છે. દીવો તે દુઃખનું કારણ નથી પણ રૂપ જોવાનો રસ તે દુઃખનું કારણ છે. (૫) હરણ શિકારીના સંગીત તરફ ઘસે છે ત્યાં વીંધાઈને મરણ પામે છે. અહીં સંગીતના શ્રવણની રુચિ તે દુઃખનું કારણ છે.

બધા અજ્ઞાની જીવો આ દૃષ્ટાંત પ્રમાણે પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં દુઃખી છે. તે વિષયો ક્ષણિક છે, ઘડીમાં જોવાનો વિષય પૂરો થાય ઘડીમાં સાંભળવાનો પૂરો થાય, એમ વિષયો ક્ષણિક હોવા છતાં અજ્ઞાની પાંચ ઈન્દ્રિયોના વિષયો તરફ ઘસી રહ્યા છે, ને દુઃખી થઈ રહ્યા છે. બહારના સંયોગોને લીધે દુઃખી નથી પણ પોતાની પાંચ ઈન્દ્રિયોના વિષયોની લોલુપતાને લીધે દુઃખી છે. અજ્ઞાની જીવો પદાર્થોની રુચિ કરે છે ને તે તરફ ધસ્યો જાય છે તેથી નક્કી થાય છે કે તેઓ દુઃખી છે.

૧) જેને ટાઢીયો તાવ ઉતરી ગયો હોય તેને કોઈ પરસેવો વાળવા ગોદડા ઓઢાવતો નથી. (૨) જેને ઉનીયો તાવ ઉતરી ગયો હોય તેને કોઈ મીઠાના પોતા મૂકતો જોવામાં આવતો નથી. (૩) જેને આંખનો દુઃખાવો મટી ગયો હોય તેને દવા આંજતો દેખાતો નથી. (૪) જેને કાનનો દુઃખાવો નથી તે કાનમાં બકરાનું મૂત્ર નાખતો નથી. (૫) જેને શરીરમાં ગુમડું મટી ગયું હોય તે મલમ-પટ્ટી કરતો જોવામાં આવતો નથી.

ઉપરના દાખલાઓથી નક્કી થાય છે કે જેને રોગ મટી ગયો હોય તે ઉપચાર

યથા એક કારણ નહીં કાર્ય કરતા,
સહાયક ઉપાદાનસે કાર્ય સરતા;

કરતો જોવામાં આવતો નથી. અને જે ઉપચાર કરે છે તેને રોગ મટી ગયો નથી તે સાબિત થાય છે. તેવી જ રીતે અજ્ઞાની જીવ પોતાનું દુઃખ મટાડવા માટે જુદા જુદા પોતાના માનેલા ઉપચાર કરે છે, એક પછી એક વિષયમાં ઝંપલાવે છે. તે કાર્ય પ્રત્યક્ષ દેખાય છે તેથી તે દુઃખી છે એમ નક્કી થાય છે.

પરોક્ષજ્ઞાનવાળા અજ્ઞાની પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં સુખ છે એવી માન્યતાથી સ્વાભાવિક જ દુઃખી છે. તેથી તે વારંવાર પાંચ ઈન્દ્રિયોના વિષય તરફ ઝુકે છે અને દુઃખી થાય છે. જ્ઞાની પાંચ ઈન્દ્રિયોના વિષયમાં કે તેમાં થતાં રાગભાવમાં રુચિપૂર્વક જોડાતા નથી. તેથી તે ઈન્દ્રિયો તથા તેના વિષયોથી થતા રાગભાવને રાખવાનો ઉપાય કરતા નથી માટે તેની ઈન્દ્રિયો જીવતી નથી એટલે તેઓ સુખી છે.

હવે સિદ્ધના સુખ માટે શરીર સાધન છે એવી માન્યતાનું ખંડન કરે છે, અર્થાત્ સિદ્ધને શરીર વગર જ સુખ છે એમ સ્પષ્ટ સમજાવવા માટે સંસાર અવસ્થામાં પણ શરીર ઈન્દ્રિયસુખનું સાધન નથી એમ નક્કી કરે છે. અજ્ઞાનીને પાંચે ઈન્દ્રિયો સંસારના વિષયોનો આશ્રય કરે છે ને અજ્ઞાની પોતે જ સુખાભાસરૂપ થાય છે, પણ શરીર સુખરૂપ થતું નથી. બહારના પદાર્થોનો, શરીરનો તથા ઈન્દ્રિયોનો સંયોગ છે માટે અજ્ઞાની સુખ કલ્પતો નથી પણ તે પદાર્થો તથા શરીર સારા છે એવી કલ્પના પોતે મોહને લીધે કરે છે. શરીરાદિ બધા પદાર્થો જડ છે, અચેતન છે તેને ખબર નથી કે આ જીવ અમારા ઉપર રાગ કરે છે, તેમજ શરીર, ઈન્દ્રિયો પોતે સુખરૂપ પરિણમતા નથી. સુખની કલ્પના કરવાવાળો જીવ પોતે રાગરૂપે પરિણમે છે તેથી સુખ માને છે.

કોઈ જીવને શરીરમાં કળતર થતી હોય ને શરીર દબાવે તો ઠીક માને ત્યાં શરીરને ખબર નથી કોણ દાબે છે. શરીર રાગ કરતું નથી ને શરીર સુખરૂપ થતું નથી. શરીરમાં જ્ઞાન નથી, વિકાર નથી, સુખ નથી, પણ શરીર દબાતાં મને સુખ થયું એવી કલ્પના અજ્ઞાની ઊભી કરે છે, ને સુખ માને છે. જડની અવસ્થા, રાગની અવસ્થા, આત્માનું સુખ ત્રણે અવસ્થા જુદી જુદી છે, તે અજ્ઞાની જાણતો નથી.

અજ્ઞાની જીવ શરીર-જડની અવસ્થામાં ફેરફાર થતાં પોતામાં ફેરફાર થયો એમ માને છે. અજીવમાં જીવ માને છે તે જ મિથ્યાત્વ ને અધર્મ છે. આત્મા પોતે જ્ઞાનને ત્યાં અટકાવે છે, કલ્પના કરે છે. શરીર કલ્પના કરતું નથી. જ્ઞાન કરતું નથી. ને તેને લીધે પણ જીવ સુખની કલ્પના કરતો નથી, પણ શરીરમાં ફેરફાર થતાં પોતાને થયું એવા પોતાના મોહને લીધે સુખ-દુઃખની કલ્પના કરે છે. માટે શરીર તથા ઈન્દ્રિયો સંસારના સુખ-દુઃખ માટે અકિંચિત્કર છે એમ નક્કી થાય છે. (ક્રમશઃ) ❋

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૩૯-૪૦, ગાથા - ૩૬)

## નિમિત્તનું નિરાકરણ

अभवच्चित्तविक्षेप एकांत तत्त्वसंस्थितः ।
अभ्यस्येदभियोगेन योगी तत्तं निजात्मनः ।।३६।।

ક્ષોભરહિત એકાંતમાં સ્વરૂપ સ્થિર થઈ ખાસ,
યોગી તજી પરમાદને કરે તું તત્ત્વાભ્યાસ. ૩૬.

પ્રથમ તો અભ્યાસ કરવાવાળાના ચિત્તમાં ક્ષોભ ન હોય. આ કરું..આ કરું..આ કર્યું.. આ રહી ગયું એવો ક્ષોભ અભ્યાસના ચિત્તમાં ન હોય. કેમ કે વિકલ્પની જાળનો ક્ષોભ હોય ત્યાં સુધી આત્માનો અભ્યાસ શી રીતે થાય! ન જ થાય.

જેની રાગાદિ ક્ષોભ રહિત શુદ્ધ ચિદાનંદ આત્મસ્વરૂપમાં સ્થિતિ છે એવા યોગી સાવધાનીપૂર્વક એકાંત સ્થાનમાં પોતાના આત્મસ્વરૂપનો અભ્યાસ કરે છે.

આ તો અંતરની વાતો છે ભાઈ! તેમાં બહુ સૂક્ષ્મ રીતે ભેદ પાડીને સમજાવ્યું છે. હું જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા છું, એમ જેણે નક્કી કર્યું છે અને ક્ષોભથી રહિત થયા છે અને સ્વરૂપમાં જેણે જોડાણ કર્યું છે એવા યોગી સાવધાનીપૂર્વક એટલે ખંતથી ખ્યાલ કરતાં, એકાંત સ્થાનમાં આત્માનો અભ્યાસ કરે છે.

એકાંત સ્થાન એટલે બહારના કોલાહલ રહિત એકાંત અને અંતરના રાગાદિ વિકલ્પોનો ક્ષોભ રહિત એકાંત સ્થાનમાં અભ્યાસ થઈ શકે છે.

જુઓ, અહીં ભગવાનનું સ્મરણ કરવું કે જાપ કરવો તે વાત લીધી નથી. અહીં તો જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મામાં ઠરવાનો પ્રયત્ન કરવો તે અભ્યાસ છે. આવા ઉપદેશને ઈષ્ટઉપદેશ કહેવાય કે જેમાં જીવનું હિત થાય છે.

મારે બીજું કાંઈ જોઈતું નથી, બીજું કાંઈ કરવું નથી, એક આત્માનો અનુભવ કરવો એવી જેની ભાવના છે તેની આ વાત છે.

**તથા નય કથન મુખ્ય ગૌણં કરત હૈં,**
**વિશેષ વા સામાન્ય સિદ્ધિ કરત હૈ. ૬૨**

## ઉપાદાનની સ્વતંત્રતા

અહીં આપણે શ્રી ઈષ્ટોપદેશની ૩૫મી ગાથા ચાલે છે. તેમાં ઉપાદાનથી જ કાર્ય થાય છે, તે સમયે અન્ય દ્રવ્ય તો કેવળ નિમિત્તમાત્ર જ છે. એ વિષયની વાત ચાલે છે.

પૂજ્યપાદસ્વામી શિષ્યને દૃષ્ટાંત આપીને સમજાવે છે કે જેનામાં ધર્મ પામવાની લાયકાત નથી એવા અજ્ઞાનીને લાખો તીર્થંકરોનો યોગ બને તોપણ તે સમજી શકતો નથી. જેમ બગલાને પોપટની જેમ પઢાવી શકાતો નથી કેમકે તેનામાં આવી લાયકાત જ નથી. તેમ જેની પર્યાયમાં જે કાર્ય કરવાની લાયકાત ન હોય તેને લાખ તો શું પણ અનંત નિમિત્તો મળે તોપણ તે કાર્ય કરાવી શકતા નથી.

તે જ રીતે જે પોતાના સ્વરૂપની દૃષ્ટિ અને જ્ઞાનમાં સ્થિત છે એવા જ્ઞાનીને લાખો પ્રતિકૂળતા પણ તેના જ્ઞાનથી ડગાવી શકતી નથી. આ ઉપરથી અહીં સિદ્ધ કરે છે કે કોઈ પણ પદાર્થના કાર્યમાં પરપદાર્થ અકિંચિત્કર છે. ગતિ કરતાં જીવ અને પુદ્ગલને ગતિ કરવામાં ધર્મદ્રવ્ય નિમિત્ત છે પણ ગતિરૂપ નહિ પરિણમતાં જીવ-પુદ્ગલને ધર્મદ્રવ્ય ગતિ કરાવી શકતું નથી.

આ ગાથા બહુ ઊંચી છે. લોકો પોકાર કરે છે કે નિમિત્ત ઉપાદાનમાં બળ આપે છે—મદદ કરે છે તેની સામે અમે પહેલેથી આ ગાથા મૂકીએ છીએ કે ઉપાદાનના કાર્યમાં અન્ય પદાર્થ કેવળ નિમિત્તમાત્ર છે. તમે પોકાર કરો તો કરો પણ વસ્તુના સ્વરૂપમાં કાંઈ ફેરફાર થતો નથી.

આ સાંભળી શિષ્ય કહે છે કે મહારાજ ! આપ તો નિમિત્તને ફોતરાંની માફક ઉડાડી દ્યો છો. જેમ દાણાને ઝાપટીને ફોતરાં કાઢી નાંખે છે તેમ આપ નિમિત્તને કાઢી નાખો છો.

શિષ્યની શંકાનું સમાધાન કરતાં આચાર્યદેવ કહે છે કે ખરેખર નિમિત્ત અકિંચિત્કર જ છે. કોઈપણ કાર્યના ઉત્પાદનમાં કે વિધ્વંસનમાં ગુરુ, મિત્ર કે વૈરી તો કેવળ નિમિત્તમાત્ર જ છે. વાસ્તવમાં કોઈ કાર્યના ઉત્પાદનમાં કે નાશમાં તેની યોગ્યતા જ સાક્ષાત્ સાધક હોય છે. આ જગતની દરેક વસ્તુના દ્રવ્ય-ગુણ-પર્યાય માટે સામાન્ય સિદ્ધાંત છે.

માટીની યોગ્યતાથી જ ઘડો ઉત્પન્ન થાય છે, કુંભારથી નહીં, શું જડ કે ચેતન કોઈપણ પદાર્થ પોતાની વર્તમાન અવસ્થાની ઉત્પત્તિ વિનાના હોય છે ? નથી જ હોતા તો પોતાથી ઉત્પન્ન

**હરએક વસ્તુ સામાન્ય ઔર વિશેષં,**
**અપેક્ષા કૃત ભેદ અભેદં સુલેખં;**

અવસ્થાને બીજો શું કરી શકે ? તેમ વસ્તુની પોતાની પૂર્વ અવસ્થાનો વ્યય થાય છે. તેમાં બીજો પદાર્થ શું કરી શકે ? પોતાનું જ્ઞાન થવામાં, દર્શન થવામાં, આનંદ થવામાં, વીર્ય પ્રગટાવવામાં પોતાનો આત્મા પોતાથી જ કામ કરે છે, પોતાની યોગ્યતાથી જ કાર્ય થાય છે.

દરેક દ્રવ્ય પોતપોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં રહે છે. કોઈ કોઈનો સ્પર્શ પણ કરતાં નથી, તો એકબીજાનું કાર્ય ક્યાંથી કરે ? સમયસારની ત્રીજી ગાથામાં આ વાત લીધી છે કે જડ ચેતન દરેક પદાર્થ પોતપોતાના ગુણને ચૂંબે છે—સ્પર્શે છે પણ કોઈ પદાર્થ અન્ય પદાર્થને ચૂંબતો નથી, સ્પર્શતો નથી. દરેક દ્રવ્યનું ઉત્પાદ-વ્યયનું કાર્ય પોતાના સામર્થ્યથી થાય છે. નિમિત્તના સામર્થ્યથી કાર્ય ત્રણ કાળમાં કદી થતું નથી. અહા ! આ સિદ્ધાંત સમજે તો જીવને કેટલી શાંતિ થઈ જાય કે મારા જ્ઞાન, આનંદ અને સુખનું કાર્ય મારાથી જ થાય છે, તેમાં સ્ત્રી, પુત્ર, પરિવાર, પૈસા, આબરૂ-કીર્તિ આદિ કાંઈ બગાડ-સુધાર કરી શકતાં નથી. મારા જ્ઞાન-આનંદના કાર્યમાં પરપદાર્થ બિલકુલ અકિંચિત્કર છે તેથી સ્ત્રી, કુટુંબ મળે, પૈસા મળે તો મને આનંદ થાય એ વાત જ નથી.

પ્રશ્ન : પરીક્ષામાં પાસ થાય ત્યારે આનંદ થાય છે. તે પાસ થયો માટે થયો ને ! ભાઈ ! ત્યારે જે આનંદ થાય છે તે પોતાના આનંદગુણનું વિપરીત કાર્ય છે, તે પોતાના સામર્થ્યથી જ થયું છે.

જેને પોતાના સ્વભાવનો નિર્ણય થાય છે તેને મારો આનંદ મારાથી જ થાય છે—મારામાં જ આનંદસ્વરૂપે પરિણમવાની યોગ્યતા છે, કોઈ પરદ્રવ્ય મને આનંદ કરાવી દેતા નથી એવો નિર્ણય થઈ જાય છે તેથી તેને આનંદ માટે અનંત પરદ્રવ્ય ઉપરથી દૃષ્ટિ ઊડી જાય છે. એક સ્વભાવ ઉપર જ દૃષ્ટિ રહે છે. જેમ પોતાનો આનંદ પ્રગટ કરવાનું પોતામાં સામર્થ્ય છે, તેમ પરદ્રવ્ય મને અનુકૂળ છે અને પરદ્રવ્ય મને પ્રતિકૂળ છે એવી મિથ્યા કલ્પના દ્વારા પોતાના આનંદને બગાડવાની એટલે દુઃખી થવાની યોગ્યતા પણ પોતામાં જ છે. કર્મ જીવને દુઃખી કરાવતું નથી. આવા સ્વરૂપનો નિર્ણય ન કરે તો પોતાની વિપરીત માન્યતારૂપ મિથ્યાદૃષ્ટિ જ પોતાને દુઃખી કરે છે—અનંત સંસારમાં રખડાવે છે.

આમ, કોઈપણ કાર્યમાં સુધાર કે બગાડમાં તેની યોગ્યતા જ સાક્ષાત્ સાધક છે. તો પ્રશ્ન થાય કે યોગ્યતા સાધક છે, તો પરંપરા સાધક કોઈ હશે ને ? તો કહ્યું છે કે નિમિત્તને પરંપરા સાધક વ્યવહારનયથી કહેવાય છે. પણ વ્યવહારનો અર્થ જ એ છે

યથા જ્ઞાન જગમેં વહી હૈ પ્રમાણં,
લખે એકદમ આપપર તુમ વખાનં. ૬૩

કે ન હોય તેને કહે એટલે નિમિત્ત સાધક ન હોવા છતાં પરંપરા સાધક કહેવો તે વ્યવહાર છે.

એક સાથે ગતિરૂપ પરિણામની ઉન્મુખ થયેલા અનેક પદાર્થ એટલે એક યા અનેક જીવ, તૈજસ શરીરના પરમાણુ, કાર્મણના પરમાણુ અને ઔદારિકના પરમાણુને ગતિ કરવામાં સાક્ષાત્ કારણ તે પદાર્થોની ગમનશક્તિ જ છે. એટલે ગમન કરવા ઉન્મુખ થયેલી પર્યાય જ ગતિનું કારણ છે તેમાં ધર્મદ્રવ્ય તો કેવળ નિમિત્તમાત્ર છે. જેની પર્યાયમાં જે સમયે જે કાર્ય થવાની યોગ્યતા હોય તે કાર્ય થાય છે તેમાં યથાર્થ કારણ પોતાની પર્યાયની યોગ્યતા છે અને આરોપિત કારણ નિમિત્ત છે.

બે પરમાણુમાં એક પરમાણુની પર્યાય કાળી હોય અને એક પર્યાય લીલી હોય તો તેનું કારણ શું? દ્રવ્ય-ગુણ તો બંનેના સમાન છે, છતાં પર્યાય જુદી જુદી છે માટે નક્કી થાય છે કે પર્યાયનું કારણ ત્રિકાળી દ્રવ્ય નથી. પર્યાય પોતાની વર્તમાન યોગ્યતા મુજબ થાય છે—એવી સ્વતંત્રદૃષ્ટિ જ્યારે થાય ત્યારે મારો આત્મા ત્રિકાળ આનંદસ્વરૂપ છે એવી દૃષ્ટિ થતાં પર્યાયમાં આનંદ પ્રગટ થાય તે સ્વતંત્રતાનું ફળ છે.

આ કોઈ વાતો કરવાની વાત નથી. એક એક સિદ્ધાંતમાંથી વીતરાગતા કાઢે તો પોતાને લાભ થાય. મારું દ્રવ્ય સ્વતંત્ર છે. એવા નિર્ણયપૂર્વક સ્વસન્મુખતાનો પુરુષાર્થ કામ કરે છે ત્યાં આનંદના અનુભવનો લાભ થાય છે તે સ્વતંત્રતાના કાર્યનો લાભ છે. આ સ્વતંત્રતાના કાર્યનો લાભ છે. આ સ્વતંત્રતા નક્કી થતાં, મને પંચમકાળ અટકાવે છે કે કર્મ અટકાવે છે કે પૂર્વના ઊલટા સંસ્કાર મારા કાર્યને અટકાવે છે એવી કોઈ વાત રહેતી નથી.

ભગવાન આત્મા પોતાના સામર્થ્યથી નિર્વિકારી શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પ્રગટ કરવા તૈયાર થાય છે ત્યાં રાગ, વ્યવહાર કે સંયોગ તેને રોકી શકતા નથી. આત્મા પોતે જ પોતાના સ્વભાવની દૃષ્ટિપૂર્વક આનંદની સન્મુખતાથી પોતાનું કાર્ય પર્યાયમાં પ્રગટ કરે છે, તેમાં વ્યવહાર દયા-દાનાદિના વિકલ્પ શું મદદ કરે? વ્યવહાર નિશ્ચયમાં શું કરે શકે? માટે મંદકષાયથી શાંતિ થાય એ વાત તદ્દન જૂઠી છે. હું અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા છું એવી દૃષ્ટિ થતાં શરીરમાં, વિષયમાં, પુણ્યપરિણામમાં કે મંદકષાયમાં આનંદ છે એવી બુદ્ધિ છૂટી જાય છે. (ક્રમશઃ) ❊

**વચન હૈ વિશેષણ ઉસી વાચ્યકા હી,**
**જિસે વહ નિયમસે કહે અન્ય નાહીં;**



# અધ્યાત્મ સંદેશ

(રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

## સ્વાનુભવ વખતના ઉપયોગનું વિશેષ વર્ણન

"વળી આ સ્વાનુભવ મન દ્વારા થયો એમ પણ કહીએ છીએ કેમકે આ અનુભવમાં મતિજ્ઞાન—શ્રુતજ્ઞાન જ છે, અન્ય કોઈ જ્ઞાન નથી; મતિ—શ્રુતજ્ઞાન ઈન્દ્રિય તથા મનના અવલંબન વિના હોય નહીં; તેમાં ઈન્દ્રિયોનો તો અહીં અભાવ જ છે કારણ કે ઈન્દ્રિયનો વિષય મૂર્તિક પદાર્થ જ છે. વળી અહીં મતિજ્ઞાન છે, કારણ કે મનનો વિષય મૂર્તિક—અમૂર્તિક પદાર્થો છે, તેથી અહીં મન સંબંધી પરિણામ સ્વરૂપ વિષે એકાગ્ર થઈ અન્ય ચિન્તાનો નિરોધ કરે છે તેથી તેને મનદ્વારા થયું—એમ કહીએ છીએ. 'एकाग्रचिन्तानिरोधो ध्यानम्' એવું ધ્યાનનું લક્ષણ પણ કહ્યું છે, તે અનુભવદશામાં સંભવે છે. તથા સમયસાર—નાટકના કવિતમાં કહ્યું છે કે—

वस्तु विचारत ध्यावतें मन पावै विश्राम ।
रसस्वादत सुख ऊपजै अनुभव याको नाम ।।

એ પ્રમાણે મન વિના જુદા પરિણામ સ્વરૂપમાં પ્રવર્તતા નથી, તેથી સ્વાનુભવને મનજનિત પણ કહીએ છીએ. આ રીતે સ્વાનુભવને અતીન્દ્રિય કહેવામાં અથવા તો મનજનિત કહેવામાં કોઈ વિરોધ નથી, વિવક્ષાભેદ છે." (પાનું : ૩૪૫-૩૪૬)

અમૂર્તિક ચિદાનંદસ્વભાવના સ્વાનુભવમાં ઈંદ્રિયનું તો નિમિત્ત નથી; ઈન્દ્રિયો તો સ્પર્શાદિ મૂર્તવસ્તુને જ જાણવામાં નિમિત્ત થઈ શકે છે; અમૂર્ત આત્માને જાણવામાં ઈન્દ્રિયનું અવલંબન નથી. મન અમૂર્ત વસ્તુને પણ જાણે છે ને મનનું અવલંબન હજી સર્વથા છૂટ્યું નથી કેમકે મતિ—શ્રુતજ્ઞાન છે. અવધિ કે મનઃપર્યયજ્ઞાનનો ઉપયોગ સ્વાનુભવમાં હોતો નથી, સ્વાનુભવમાં મતિ—શ્રુતજ્ઞાનનો ઉપયોગ હોય છે. અવધિ અને મનઃપર્યયજ્ઞાનનો વિષય પણ રૂપી જ ગણવામાં આવ્યો છે, અરૂપી આત્મવસ્તુનો સ્વાનુભવ તો મતિ—શ્રુતજ્ઞાન દ્વારા જ થાય છે. મતિ—શ્રુતજ્ઞાન સામાન્યપણે ઈન્દ્રિય અને મન દ્વારા વર્તતા હોવાને લીધે તેમને જો કે પરોક્ષ કહ્યા છે તોપણ, સ્વાનુભવ વખતે ઈન્દ્રિયનું અવલંબન છૂટીને તેમજ બુદ્ધિપૂર્વકનું મનનું પણ અવલંબન છૂટીને અતીન્દ્રિય

વિશેષણ વિશેષ્ય ન હો અતિ પ્રસંગં,
જહાં સ્યાત્ પદ હો ન હો અન્ય સંગં. ૬૪

ઉપયોગ થયો હોવાથી તેમને પ્રત્યક્ષ પણ કહેવાય છે. કેવળજ્ઞાનમાં અસંખ્ય આત્મપ્રદેશો જેવા પ્રત્યક્ષ પ્રતિભાસે છે તેવા મતિ–શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ ભાસતા નથી છતાં સ્વાનુભવમાં મતિ–શ્રુતને પ્રત્યક્ષ કહ્યા, કારણ કે સ્વાનુભવ વખતે ઉપયોગ આત્મામાં એકાગ્ર થઈને, ઈન્દ્રિય કે મનના અવલંબન વગર અતીન્દ્રિય આનંદનું વેદન સાક્ષાત્ કરે છે. અતીન્દ્રિય થયા વિના અતીન્દ્રિય આનંદને વેદી શકે નહીં. આ રીતે સ્વસંવેદન તો પ્રત્યક્ષ છે, પણ કેવળજ્ઞાનીની જેમ આત્મપ્રદેશો સ્પષ્ટ ન ભાસવાની અપેક્ષાએ પરોક્ષપણું છે. આવું પ્રત્યક્ષ અને પરોક્ષપણું જ્ઞાનમાં લાગુ પડે છે, સમ્યગ્દર્શનમાં તો પ્રત્યક્ષ અને પરોક્ષ એવા ભેદ નથી; તે તો સ્વાનુભવમાં ઉપયોગ વખતે કે બહારમાં ઉપયોગ વખતે એકસરખું જ નિર્વિકલ્પપ્રતીતરૂપ વર્તે છે. સ્વાનુભવ વખતે ઉપયોગ સ્વમાં એકમાં જ થંભી ગયો છે ને અન્ય વસ્તુનું ચિંતન અટકી ગયું છે તેથી તેને एकाग्रचिन्तानिरोधરૂપ ધ્યાન પણ કહેવાય છે.

અવધિ–મનઃપર્યય ને કેવળજ્ઞાનને પ્રત્યક્ષ કહ્યા છે; પરંતુ તેમાંથી કેવળજ્ઞાન તો સાધકને હોતું નથી; મનઃપર્યયજ્ઞાન કોઈક મુનિને જ હોય છે. પણ તે મનઃપર્યય કે અવધિજ્ઞાન સ્વાનુભવમાં ઉપયોગરૂપ હોતું નથી. સ્વાનુભવ તો મતિ–શ્રુતજ્ઞાન વડે જ થાય છે. પહેલાં જ્ઞાનસ્વભાવના અવલંબન વડે યથાર્થ નિર્ણય કરીને, પછી મતિ–શ્રુતના ઉપયોગને બહારથી સંકેલીને આત્મામાં વાળીને એકાગ્ર કરતાં વિજ્ઞાનઘન આત્મા આનંદ સહિત અનુભવમાં આવે છે; તે જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. એની રીત સમયસાર ગાથા-૧૪૪ માં ઘણી સ્પષ્ટ અદ્ભુત રીતે સમજાવી છે. સંવર અધિકારમાં પણ ઉપયોગસ્વરૂપ આત્માનું અને ક્રોધાદિ પરભાવોનું ભેદજ્ઞાન અલૌકિક ઢબે એકદમ સહેલી રીતે કરાવ્યું છે. ત્યાં કહે છે કે ઉપયોગસ્વરૂપ આત્મા ઉપયોગમાં જ છે, ક્રોધાદિમાં નથી; ને ક્રોધાદિ પરભાવો ક્રોધાદિમાં જ છે, તે ઉપયોગમાં નથી. આમ ઉપયોગની અને ક્રોધાદિની અત્યંત ભિન્નતા છે. જેમ આકાશ આકાશમાં જ છે તેને કોઈ ભિન્ન આધાર નથી, તેમ જ્ઞાન જ્ઞાનમાં જ છે, એકલા જ્ઞાનસ્વભાવને લક્ષમાં લઈને ચિંતવતા ભિન્ન કોઈ આધારનો વિકલ્પ ઉદ્ભવતો નથી, એટલે કે જ્ઞાનમાં જ જ્ઞાન ઠરી જાય છે ને નિર્વિકલ્પ અનુભવ સહિત ભેદજ્ઞાન થાય છે. આવા અનુભવકાળે કોઈ વિકલ્પ નથી, જ્ઞાન અંતરમાં એકાગ્ર થયું છે ને બીજી ચિન્તા અટકી ગઈ છે. એનું વર્ણન કરતાં પં. બનારસીદાસજી કહે છે કે–

**યથા લોહ રસબદ્ધ હો કાર્યકારી,**
**તથા સ્યાત્ સુચિહ્નિત સુનય કાર્યકારી;**

વસ્તુ વિચારત ધ્યાવતે મન પાવે વિશ્રામ,
રસ સ્વાદત સુખ ઊપજે અનુભવ યાકો નામ.

આ સ્વાનુભવમાં જે આનંદના સ્વાદનું વેદન છે તેને તો પોતાના ઉપયોગથી આત્મા સીધો જ અનુભવે છે, તે સ્વાદનું વેદન કાંઈ આગમ દ્વારા કે અનુમાન વગેરે પરોક્ષ દ્વારા નથી કરતો, પણ પોતાના જ સ્વાનુભવપ્રત્યક્ષ દ્વારા તેને વેદે છે, પોતે જ ઉપયોગને એકાગ્ર કરીને સીધો તે અનુભવના રસને આસ્વાદે છે; એટલે તે અતીન્દ્રિય છે. આ અનુભવ ઈન્દ્રિયોથી ને વિકલ્પોથી પાર છે. અનુભવમાંથી બહાર આવ્યા પછી જે વિકલ્પ ઊઠે તે વિકલ્પ પણ જ્ઞાનથી જુદાપણે જ રહે છે; અનુભવી ધર્માત્માને જ્ઞાનની ને વિકલ્પની એકતા કદી થતી નથી, એને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન સળંગપણે વર્તે છે. સમ્યક્ત્વની અને સ્વાનુભવની દશા કોઈ અલૌકિક છે.

આ રીતે, નિશ્ચય અને વ્યવહાર સમ્યક્ત્વનું સ્વરૂપ, નિર્વિકલ્પ અનુભવ ન હોય ત્યારે પણ સમ્યગ્દષ્ટિને સમ્યગ્દર્શનનું વિદ્યમાનપણું, તથા સ્વાનુભવ વખતે મતિશ્રુતજ્ઞાનનું અતીન્દ્રિયપણું કયા પ્રકારે છે ને એવો નિર્વિકલ્પસ્વાનુભવ કેવા ઉદ્યમથી થાય છે એ બધી વાત ઘણી સરસ રીતે સમજાવી. હવે પત્રમાં સાધર્મીઓએ લખેલી બીજી ચર્ચાઓના જવાબ લખે છે. (ક્રમશઃ) ❋

---

શ્રોતા : આપ જે સમજાવો છો તે વાત બરાબર સાચી જ છે—પણ તેનાથી સમાજને શું લાભ થાય?

પૂજ્ય ગુરુદેવશ્રી : જુઓ ભાઈ—પહેલી વાત તો એ છે કે, પોતાને પોતાનું જોવાનું છે. સમાજનું ગમે તે થાય—તેની ચિંતા છોડીને પોતે પોતાનું સંભાળવું. મધદરિયે ડૂબકા ખાતો હોય ત્યારે સમાજની કે કુટુંબની ચિંતા કરવા રોકાતો નથી પણ હું દરિયામાં ડૂબતો કેમ બચું?—તે માટે જ ઉપાય કરે છે. તેમ સંસાર-સમુદ્રમાં રખડતા માંડ માંડ મનુષ્યભવ મળ્યો છે ત્યારે મારા આત્માનું હિત કેમ થાય, મારો આત્મા સંસાર-ભ્રમણથી કેમ છૂટે એ જોવાનું છે. પારકી ચિંતામાં રોકાય તો આત્મહિત ચુકાઈ જાય છે. આ વાત તો પોતાનું હિત કરવાની છે. દરેક જીવ સ્વતંત્ર છે, તેથી સમાજના બીજા જીવોનું હિત થાય તો જ પોતાનું હિત થઈ શકે એવું કાંઈ પરાધીન–પણું નથી માટે હે જીવ! તું તારા હિતનો ઉપાય કર. —પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

---

કહા આપને સત્ય વસ્તુ સ્વરૂપં,
મુમુક્ષુ ભવિક વન્દતે આપ રૂપં. ૬૫



# મુક્તિનો માર્ગ

(સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં સત્તાસ્વરૂપ પર પ્રવચનો)
પ્રવચન છઠ્ઠું (ભાદરવા સુદ ૨ રવિવાર)

લૌકિકમાં છોકરાંના લગ્ન વગેરે કાર્યોમાં પૈસા વગેરે કાઢે, ત્યાં તન, મન, વચન, કાળ બધું લગાવે અને અહીં દેવ-ગુરુની ભક્તિ, પ્રભાવના વગેરે કાર્યોમાં ભડનો દીકરો મોઢેથી વાતો કરે! અને પોતાને અરિહંતદેવનો ભક્ત કહેવરાવે તથા પોતે પણ તેમ માને. પણ ભાઈ! અરિહંતદેવ-ગુરુ-ધર્મની સાચી પ્રીતિ તો ત્યારે જ કહેવાય કે જ્યારે જેમ કુદેવાદિને માનનારાઓ કુદેવાદિની ભક્તિ વગેરેમાં ઉલ્લાસથી કુદી પડે છે તેમ તેના કરતાં વિશેષ ઉલ્લાસથી સાચા દેવ-ગુરુને ઓળખીને તેમની ભક્તિ-પ્રભાવના વગેરે કાર્યો માટે તન-મન-ધન લગાવે અને ત્યારે જ તેને અરિહંત દેવ, ગુરુ, ધર્મની પ્રીતિ કહેવાય; નહીંતર તો તેને ગૃહીત મિથ્યાત્વનો ત્યાગ પણ નથી.

જે લૌકિક છે ને જેનામાં નિમિત્તપણે પણ દેવપણાની લાયકાત નથી એવા તદ્દન મિથ્યાત્વી કુદેવાદિને માનતો હતો; તેમાં તન, મન, ધન, જ્ઞાન, શ્રદ્ધા, વગેરે લગાવતો હતો અને તેને માટે (પોતાના માનેલા કુદેવાદિ માટે) ક્રોધાદિ કષાય પણ પ્રથમ દશામાં કરતો હતો તેમ જ વર્તમાનમાં તારા બરોબરીયા (અહીં માન્યતાની અપેક્ષાએ સરખામણી નથી કરવી પણ તન, મન, ધન વગેરે સંયોગની અપેક્ષાએ સરખામણી છે) તેના માનેલા કુદેવાદિ માટે બધું કરે છે, તો હવે મનને આંગણે—વ્યવહાર શુદ્ધિમાં—આવીને તારે જિનેશ્વર દેવાધિદેવ અરિહંત ભગવાન, નિર્ગ્રંથ ગુરુ અને સમ્યક્‌શાસ્ત્રોની ઓળખાણ કરીને તેમના માટે પહેલાં કરતાં અધિક તન, મન, ધન, જ્ઞાન વગેરે ખર્ચવા જોઈએ.

આ પ્રથમ અરિહંતનો ભક્ત કેમ થવાય, બાહ્ય જૈની કેમ થવાય તેની વાત છે. આ તો વીતરાગનો માર્ગ છે, તેમાં બીજું ચાલે નહીં. બીજું બધું (વીતરાગ માર્ગથી વિરુદ્ધ હોય તે બધું) છોડી દે તો વીતરાગનો માર્ગ સમજાય. ઘણીવાર કહેવાય છે કે :—

પ્રભુનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જો....ને;
પ્રથમ પહેલાં મસ્તક મૂકી, વળતાં લેવું અરિહંતનું નામ જો.....ને.
પ્રભુનો મારગ છે શૂરાનો......

| શ્રી અનંતનાથ સ્તુતિ | ચિર ચિત્તવાસી મોહી પિશાચ,<br>તન જિસ અનંત દોષાદિ રાચ; |
|---|---|

સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વર અરિહંતદેવના સેવક થવા માટે આખી દુનિયાને મૂકી દેવી પડે એટલે કે જગતની દરકાર છોડી દેવી પડે. આખા જગતની પ્રતિકૂળતા આવી પડે તો ય ભગવાન અરિહંતદેવની શ્રદ્ધા અને ભક્તિ ન છોડાય. પોતાના પુરુષાર્થથી સંસાર તરફનો અશુભભાવ છેદીને સાચા દેવ-ગુરુ પ્રત્યેની ભક્તિ, પૂજા, વિનય વગેરેનો શુભભાવ આવ્યા વગર ગૃહીત મિથ્યાત્વ પણ ટળે નહીં. ભગવાનના ભક્ત ભગવાનને પધરાવતાં કહે છે કે :–

આવો આવો સીમંધરનાથ અમ ઘેર આવો રે,
રૂડા ભક્તિવત્સલ ભગવંત નાથ પધારો રે.
હું કઈ વિધ પૂજું નાથ કઈ વિધ વંદું રે?
મારે આંગણે વિદેહી નાથ જોઈ જોઈ હરખું રે......

(જિનેન્દ્ર સ્તવનમંજરી પાનું ૨૮૦)

વીતરાગદેવ-ગુરુની ભક્તિથી ઊછળતા વીતરાગના સેવક કહે છે કે હે પ્રભુ! હે નાથ! આપને કઈ રીતે પૂજું? આખી દુનિયાને વોસરાવી દઈને અને આ શરીરના કમળ બનાવીને તે વડે તમારી પૂજા કરું કે કઈ રીતે પૂજું? અહીં અજ્ઞાનતા નથી પણ વિનય છે, ભક્તિનો ઉલ્લાસ છે. પહેલાં તો વીતરાગ દેવ-ગુરુની ભક્તિમાં સર્વસ્વ અર્પણતા જોઈએ, તે વિના વીતરાગનો ભક્ત કહેવાય નહીં.

ભીડને ભાળે તે ભગવાનનો ભક્ત નથી. ભક્તને જગતમાં ભીડ કેવી? અરિહંતનો ભક્ત ભીડને ભાળતો જ નથી, એ તો નીકળ્યો તે નીકળ્યો. અરિહંતદેવનો સેવક થયો, તો હવે અરિહંતપદ લીધે જ છૂટકો! અરિહંતનો ભક્ત થયો તે અરિહંતપદ લીધા વગર રહે જ નહીં, અરિહંત જેવા થયે જ છૂટકો. લ્યો, આનું નામ અરિહંતના ભક્ત, આનું નામ વીતરાગના સેવક અને આનું નામ જૈન.

શ્રી આનંદઘનજીએ કહ્યું છે કે :—

હે જિનેશ્વર દેવ!
ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું, ભંગ મ પડશો હો પ્રીત જિનેશ્વર....

(જવાબદારી લઈને કહે છે કે—)

તુમ જીત લિયા નિજ રુચિ પ્રસાદ,
ભગવન્ અનન્ત જિન સત્ય વાદ. ૬૬

બીજો મનમંદિર આણું નહિ, એ અમ કૂળવટ રીત જિનેશ્વર...ધર્મ૦

હે નાથ! તારા ગુણની ભક્તિ કરવા ઉઠ્યો તે ઉઠ્યો, હવે જગતમાં કોઈ અમને રોકવા સમર્થ નથી, હવે ભંગ પડવાનો નથી. રણે ચડ્યા રજપૂત છૂપે નહીં. એક ગરાસીયાપણાના અભિમાન ખાતર પણ કેટલો પોરસ રાખે છે! તો આ તો તીર્થંકર ભગવાન કે જેમને સો ઇન્દ્રો, ચક્રવર્તી વગેરે પૂજે છે અને જેમના જન્મે ત્રણેય લોકમાં અજવાળાં થાય છે એવા દેવાધિદેવ વીતરાગ પ્રભુને જે સાથે લ્યે, તેમને હૃદયમાં સ્થાપીને તેમનો ભક્ત બને અને ફેં—ફેં કરે એ કેમ બને? આ તો વીતરાગનું શાસન છે, અહીં પોપાબાઈનું રાજ નથી. ભગવાનનો ભક્ત કહેવડાવે અને વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રભાવનાદિ માટે તન-મન-ધન ખરચવાની વાત આવે ત્યાં ફેં-ફેં કરે તે વીતરાગનો ભક્ત જ નથી. શાસ્ત્રની કિંમતના પૈસા અગાઉથી ભરવાની વાત આવે ત્યાં કહે કે શાસ્ત્ર આવે ત્યારે વાત, તો એમ કહેનારને શાસ્ત્રની ભક્તિ નથી.

તે ભગવાન પાસે ચોખા મૂકવામાં પાપ માને છે, પણ અંદરમાં ક્યા ભાવે ચોખા મૂકાય છે તે જાણતો નથી. પુણ્ય-પાપ તે બહારની ક્રિયામાં હોય કે અંદરના પરિણામ ઉપર? જેવા આત્માના પરિણામ તે અનુસાર પુણ્ય-પાપ થાય છે.

પહેલાં હજી વ્યવહાર શું અને નિશ્ચય શું તે જાણે નહીં, અને વ્યવહારશુદ્ધિ વિના નિશ્ચયની માત્ર વાતો મોઢેથી કરે તે અરિહંતના સેવક કહેવાય નહીં. અરિહંતના સેવક થવા માટે તો એક વાર બીજું બધું જતું કરવું પડશે. હજી વ્યવહારશુદ્ધિના ઠેકાણાં ન મળે અને નિશ્ચયની માત્ર વાતો કરે તે ભૂલે છે. નિશ્ચય સ્વરૂપ તે શું છે!! નિશ્ચયસ્વરૂપ એ તો આત્માનો અજરઅમર પ્યાલો છે. (ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૨૨ થી ચાલુ) (અનુભવપ્રકાશ)

બધું પ્રત્યક્ષ નથી તેથી પણ ત્યાં અજ્ઞાન નાશ પામે છે ત્યાં વિપરીત જ્ઞાન માટે અજ્ઞાન છે એમ નથી. પ્રત્યક્ષ જ્ઞાનની અપેક્ષાએ ત્યાં અજ્ઞાન કહેલ છે. આ રીતે મિશ્ર અધિકાર થયો. થોડી નિર્મળતા અને થોડી અનિર્મળતા સાધકદશામાં હોય છે. જો એમ ન હોય તો સમ્યગ્દર્શન થતાં કેવળજ્ઞાન થઈ જાય, પણ એવો ક્રમ નથી. પર્યાયનો ધર્મ એવો છે કે સમ્યગ્દર્શન થયા પછી મિશ્રદશા ઓછામાં ઓછી અંતર્મુહૂર્ત તો રહે, માટે એ અધિકારનું વર્ણન કર્યું. (ક્રમશઃ) ❊

**કલ્વષકારી રિપુ ચવ કષાય,**
**મન્મથમદ રોગ જુ તાપદાય;**



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

જ્ઞાનીને આત્મામાં વિભાવ થાય છે તે પોતાના કારણે થાય છે એમ તે માને છે. અજ્ઞાની નિમિત્તથી તે ભાવો થાય છે એમ માનીને સ્વચ્છંદી થાય છે, તેને મિથ્યાત્વનો નાશ થતો નથી. વિભાવ આત્મામાં પોતાના કારણે થાય છે એમ માનીને તે પોતાનો સ્વભાવભાવ છે એમ માને છે તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે. વિભાવભાવ પર્યાયમાં પોતાને કારણે થાય કર્મના કારણે થતો નથી. પણ તે મારો સ્વભાવ નથી એમ જ્ઞાની માને છે તેથી તેના નાશનો પુરુષાર્થ કરે છે.

સમયસાર કળશ-ટીકા રાજમલ્લજીની છે. એમાં કહેલ છે કે જે કોઈ જીવો આત્માની પર્યાયમાં રાગાદિ થાય છે તે કર્મના કારણે થાય છે એમ માને છે તે મિથ્યાદૃષ્ટિ—અનંત સંસારી છે. ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ પણ જે રાગાદિની પરિણતિ છે તે ચારિત્રમોહકર્મની પ્રબળતાના કારણે છે—એમ પણ નથી. અહીં મિશ્રધર્મની વાત કરેલ છે. ચારિત્ર પૂર્ણ નથી માટે સમ્યક્ત્વ ગુણમાં કાંઈ કમી છે—એમ નથી.

ચેતન-અચેતનની જુદી પ્રતીતિથી સમ્યક્ત્વગુણ નિજ જાતિરૂપ થઈ પરિણમ્યો છે એટલે કે હું ચેતન જ્ઞાયકમૂર્તિ છું, અચેતન હું નહીં. પોતાની જેવી જાતિ છે એ રીતે પરિણમ્યો છે. તેનું લક્ષણજ્ઞાનગુણ અનંતશક્તિએ કરી વિકારરૂપ થઈ રહ્યો હતો, તે ગુણની અનંતશક્તિમાં કેટલી શક્તિ પ્રગટ થઈ તેને મતિ-શ્રુત જ્ઞાન કહેવાય છે. આત્માનું લક્ષણ જ્ઞાન છે, તે જ્ઞાનશક્તિ વિકારરૂપ થઈ રહી હતી, તે સામાન્યથી મતિ-શ્રુતની પર્યાયને સમ્યક્ કહેવામાં આવે છે. જાતિ અપેક્ષાએ સમ્યક્ થયો પણ પૂર્ણ નિર્મળપણાને જ્ઞાનગુણ પામ્યો નથી. સ્વસંવેદન થયું એટલે તે જ્ઞાનને ભાવશ્રુતજ્ઞાન કહેવાય છે. તે જ્ઞાન જઘન્ય છે. પૂર્ણ નથી, કેમકે હજું જ્ઞાન ઘણું બાકી રહ્યું છે. તેથી તેને અજ્ઞાનપણું કહેવાય છે. એટલો જ્ઞાનનો અભાવ છે, એટલે વિકારરૂપ કહીને અજ્ઞાનભાવ કહેલ છે.

ધર્મ થાય છે એ વખતે અધર્મ પણ હોય છે—એની વાત ચાલે છે. જો અંશે ધર્મ

નિજ ધ્યાન ઔષધી ગુણ પ્રયોગ,
નાશે હ્વે સબવિત્ સયોગ. ૬૭

પ્રગટ થતાં તુરત જ પૂર્ણતા થતી હોય તો સાધકદશા અને મિશ્રધર્મને તે સમજતો નથી. જ્ઞાનમાં પૂર્ણદશા નથી, અલ્પજ્ઞતા છે, તેને વિકારશક્તિ કહેલ છે અને તે વિકારશક્તિને અહીં કર્મધારા કહેલ છે. અહીં આવરણરૂપ જે કર્મ છે એની વાત નથી, કેમકે એ તો જડ છે, પણ આત્માની પર્યાયમાં જેટલી કમી છે—હીણપ છે તેને કર્મધારા કહે છે.

આ કર્મધારા પોતાના કારણે રહેલ છે. જેટલી જ્ઞાનશક્તિ નિર્મળ થઈ છે—એટલી તો સમ્યગ્જ્ઞાનધારા છે. એ બે ધારાને મિશ્રધારા કહે છે. ક્ષાયિક સમ્યગ્દષ્ટિને કર્મનો તીવ્ર ઉદય છે માટે ચારિત્રદશા નથી—એમ નથી. એવી રીતે જ્ઞાનમાં જેટલી અધૂરાશ છે તે બધી જ્ઞાનશક્તિ પૂર્ણરૂપે થઈ નથી માટે છે, પણ કર્મના આવરણને કારણે છે—એમ નથી. સમ્યગ્દર્શન ક્ષાયિક થયું છે પણ હજુ કેવળજ્ઞાન થયું નથી, એ જ બે ધારા બતાવે છે. એ રીતે જ્ઞાન અને સમ્યગ્દર્શન મેળવીને વાત કરી.

હવે કહે છે, જેવી રીતે જ્ઞાનની વાત કરી એવી રીતે જીવની દર્શનશક્તિ અદર્શનરૂપ છે—આ સામાન્ય ઉપયોગરૂપ દર્શનશક્તિની વાત છે, સમ્યગ્દર્શનની વાત નથી, કેમકે ક્ષાયિક સમ્યગ્દર્શનમાં તો પૂર્ણ નિર્મળ દશા છે. તે વખતે દર્શનશક્તિ સામાન્ય ઉપયોગરૂપ પૂર્ણ નથી—પૂર્ણ નિર્મળ નથી, માટે જેટલી શક્તિ બાકી છે એટલી અદર્શનરૂપ છે—એ પ્રમાણે ચારિત્રગુણની કેટલીક શક્તિ ચારિત્રરૂપ તથા કેટલીક શક્તિ અન્ય વિકારરૂપ છે. ચારિત્રગુણની પર્યાય વિકારરૂપે છે તે પોતાના કારણે રહી છે, કર્મના કારણે રહી નથી—એમ કહેવા માગે છે. માટે મિશ્રદશારૂપ ધર્મ હોય છે.

## મિશ્રધર્મ-અધિકાર

આત્મામાં ભેદજ્ઞાનપૂર્વક સ્વનું અવલંબન લઈને જે આત્માનો ધર્મ થાય તે અનુભવપ્રકાશ છે. તે વખતે ચારિત્રગુણની મિશ્રદશા હોવાના કારણે અંશે નિર્મળતા અને અંશે મલિનતા છે. તે મલિનતા કર્મના કારણે નથી. નિમિત્તથી હું પર છું એવી જેને ખબર નથી તેને વિકારથી રહિત છું એવું ભાન થતું નથી. આત્મજ્ઞાન યથાર્થ થયા પછી પૂર્ણદશા હજુ થઈ નથી. એ વખતે જ્ઞાન, ચારિત્ર, યોગ વગેરે ગુણોની શક્તિ પ્રગટરૂપે પૂર્ણ નથી. જોકે શ્રદ્ધાગુણ તો પૂર્ણ પ્રગટ થયો છે. તોપણ બીજા ગુણો પૂર્ણ થયા નથી—એ મિશ્રભાવ છે.

**है खेद–अम्बु भयगण-तरंग,**
**ऐसी सरिता तृष्णा अभंग;**

આત્માના જેટલા ગુણો નિર્મળ થયા છે એટલા શુદ્ધ છે. અને જેટલો મિશ્રભાવ જે જે ગુણોમાં છે એટલી અશુદ્ધતા છે. સમ્યગ્દર્શન થયા છતાં અનુભવ પૂર્ણ થતો નથી. નીચલી દશામાં મિશ્રભાવરૂપી ધર્મ છે. આમ હોવા છતાં પ્રતીતિરૂપ ધર્મમાં સર્વશુદ્ધ શ્રદ્ધાભાવ થયો છે. હજુ જ્ઞાનમાં ઓછપ છે, માટે મિશ્રભાવ છે. આત્માને નિમિત્ત અને રાગથી પૃથક્ કરીને સ્વભાવમાં એકત્વરૂપ શ્રદ્ધાભાવ કર્યો છે, પણ બીજા ગુણોની અપૂર્ણતા છે, એટલી કચાશ છે, તે ભાવઆચરણ છે, તેને મિશ્રધર્મ કહે છે.

સ્વસંવેદન છે પણ સર્વપ્રત્યક્ષ સંવેદન નથી. આત્માનો અનુભવ તો છે, પણ પર્યાયને પ્રત્યક્ષ જાણે એવું પૂર્ણ જ્ઞાન હજુ થયું નથી. જ્યારે સર્વથા આવરણરહિત થાય છે ત્યારે સર્વપ્રત્યક્ષ હોય છે અને સર્વ કર્મઅંશ જતાં જ તે શુદ્ધ થાય છે. એમ કહેલ છે. અઘાતિકર્મ હોવા છતાં પણ કેવળજ્ઞાન શુદ્ધ છે, કેમકે ઘાતિયાકર્મના નાશથી તે સકલ પરમાત્મા થયા છે. તેને સર્વપ્રત્યક્ષજ્ઞાન છે, ત્યાં મિશ્રભાવ રહ્યો નથી.


સમ્યગ્દ્રષ્ટિ બે ઘડીમાં કેવળજ્ઞાન પ્રગટ કરે છે તેને પણ અંતર્મુહૂર્ત તો મિશ્રભાવ રહે છે અને જ્યારે તેનો નાશ કરે છે ત્યારે સકલ પરમાત્મા થાય છે.—એ શરીર સહિત પરમાત્મા છે. એની વાત કરી. હવે સિદ્ધ પરમાત્માની વાત કરે છે.

સિદ્ધ સકલકર્મરહિત પરમાત્મા છે. અંતરાત્માને જ્ઞાનધારા અને રાગધારા બે છે—એમ જો તમે કહો છો તો એમાં પ્રશ્ન થાય છે કે બારમા ગુણસ્થાને બે ધારા છે કે એક જ જ્ઞાનધારા જ છે? જો જ્ઞાનધારા જ છે તો તેને અંતરાત્મા ન કહો તથા જો ત્યાં બન્ને ધારા છે, એમ કહો તો બારમે મોહક્ષય થયો છે, તો કર્મધારા ક્યાં રહી? એટલે કે બારમા ગુણસ્થાનમાં તો વીતરાગદશા થઈ ગઈ છે. તો હવે ત્યાં અધૂરાશ કેવી રહી છે?

સમાધાન :—બારમા ગુણસ્થાને હજુ કેવળજ્ઞાનને આવરણ છે એ અપેક્ષાએ તે અંતરાત્મા છે. એટલે કે અજ્ઞાનભાવ બારમા સુધી છે, માટે ત્યાં મિશ્રભાવ અને અંતરાત્મા કહેલ છે. પ્રત્યક્ષ જ્ઞાન સિવાય પરમાત્મા ન કહેવાય. બારમા ગુણસ્થાનમાં કષાયભાવનો નાશ થવા છતાં જ્ઞાનની પૂર્ણતા થઈ નથી—એટલું અજ્ઞાનપણું રહ્યું છે, માટે ત્યાં મિશ્રદશા છે, તો કહે છે કે ત્યાં અજ્ઞાન કેવું છે? તેનું સમાધાન :—કેવળજ્ઞાન વિના સકલ પર્યાય ભાસતા નથી એ જ અજ્ઞાન અને નિજ પ્રત્યક્ષજ્ઞાન વિના જ ત્યાં અજ્ઞાન છે, એટલે કે પોતાના ગુણ-પર્યાય પ્રત્યક્ષ નથી. માટે પણ અજ્ઞાન કહેલ છે અને

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૬ ઉપર)


સોખી અભંગ રવિકર પ્રતાપ,
હો મોક્ષ-તેજ જિનરાજ આપ. ૬૮




## શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ત્રીજી ઢાળ ગાથા ૧)

### આત્માના હિતરૂપ મોક્ષમાર્ગનું વર્ણન



અરે જીવ! તારી અવસ્થામાં તને અનંતકાળથી દુઃખનો અનુભવ છે તે કેમ છૂટે? અને અનાકુળતારૂપ સાચું આત્મસુખ કેમ અનુભવમાં આવે?—તેની રીત વીતરાગીસંતો તને બતાવે છે, તે તારા હિતને માટે લક્ષમાં લે, વિચારમાં લે. બહારના બીજા તો વિચાર ઘણા કરે છે, તો આ તારા હિતની વાત પણ જરાક વિચારમાં લે. બીજા સંસારના વિચાર કરીને દુઃખી થઈ રહ્યો છો, પણ ભાઈ! એકવાર આત્માના સુખને તો વિચારમાં લે. જે દુઃખ છે તે કાંઈ આખો આત્મા નથી, પણ તેની પાછળ આનંદનો આખો સમુદ્ર ભરેલો છે; તે સમુદ્રને દેખ, તો પર્યાયમાં પણ તે આનંદના તરંગ ઉલ્લસે ને દુઃખ ન રહે. આનંદની વિકૃતિ તે દુઃખ છે. લાકડામાં દુઃખ નથી, કેમકે તેનામાં આનંદસ્વભાવ નથી. આનંદસ્વભાવ જ્યાં ન હોય ત્યાં તેની વિકૃતિરૂપ દુઃખ પણ ન હોય. દુઃખ તે તો વિકૃત ક્ષણિક કૃત્રિમ ભાવ છે, તે જ વખતે આનંદસ્વભાવ સહજ—અકૃત્રિમ શાશ્વત છે. આનંદસ્વભાવને ભૂલીને અજ્ઞાનથી દુઃખ ઊભું કર્યું છે; આનંદસ્વભાવને અનુભવમાં લેતા દુઃખ મટી જાય છે. દુઃખ સંયોગમાં નથી ને સ્વભાવમાં પણ નથી, તે તો ક્ષણિક વિકૃતિ છે;—કોની વિકૃતિ? આત્માની અંદર જે આનંદસ્વભાવ ભર્યો છે તેની વિકૃતિ તે દુઃખ છે. આનંદસ્વભાવના અનુભવ વડે તે વિકૃતદશા ટળીને આનંદદશા પ્રગટે છે. અરે, દુઃખ શું છે—એનું પણ જીવને ભાન નથી. દુઃખને ખરેખર ઓળખે તો આખો આનંદસ્વભાવ સિદ્ધ થઈ જાય; આનંદસ્વભાવને જાણે ત્યારે દુઃખનું સ્વરૂપ ખ્યાલમાં આવે.

હવે દુઃખની જેમ કષાયની વાત લઈએ કષાય તે પણ દુઃખ જ છે. અંદર શાંતરસથી ભરેલો અકષાય—સ્વરૂપ આત્મા છે, તેના આશ્રયે સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્રરૂપ અકષાયભાવની ઉત્પત્તિ થાય છે, તે મોક્ષમાર્ગ છે. તે અકષાયભાવનો આધાર કાંઈ રાગાદિ વિકલ્પો નથી. રાગ-દ્વેષ પોતે કષાય છે, તે અકષાયભાવનું કારણ થતા નથી; અને શાંત અકષાયસ્વભાવની સન્મુખતાથી કષાયની ઉત્પત્તિ થતી નથી.

**તુમ પ્રેમ કરેં વે ધન લહંત,**
**તુમ દ્વેષ કરેં હો નાશવંત;**

કષાય ક્ષણિક વિકૃતભાવ છે, અકષાયસ્વભાવ ત્રિકાળ છે; તે બંનેને જાણે તો અકષાય–ચૈતન્યસ્વભાવનો અનુભવ કરીને કષાયનો અભાવ કરે.—એ મોક્ષમાર્ગ છે. ક્ષણિક કષાયને કાંઈ ત્રિકાળી સ્વભાવનો આધાર નથી, ત્રિકાળી સ્વભાવમાં તો કષાય છે જ નહીં; આવા સ્વભાવને લક્ષમાં લેતાં કષાય ભાવો છૂટી જાય છે.

એ જ રીતે શ્રદ્ધાસ્વભાવી આત્મા છે, તેની સન્મુખતાથી સમ્યગ્દર્શન છે. મિથ્યાત્વ તો એકક્ષણ પૂરતી વિકૃતિ છે, તેને કાંઈ સ્વભાવનો આધાર નથી. જે શ્રદ્ધા-સ્વભાવ ત્રિકાળ છે તેનો સ્વીકાર કરતાં મિથ્યાત્વ રહેતું નથી. સમ્યક્ત્વ પ્રગટ કરવા માટે આવા આત્મસ્વભાવનો જ આધાર છે, રાગાદિ વિકલ્પોના આધારે સમ્યગ્દર્શન થતું નથી.

એ જ રીતે સમ્યક્પુરુષાર્થરૂપ વીર્ય, તે આત્માનો સ્વભાવ છે; તેના આશ્રયે રત્નત્રયના પુરુષાર્થરૂપ વીર્યબળ પ્રગટે છે; વિકલ્પમાં એવું બળ નથી કે રત્નત્રયને પ્રગટ કરે. બલવંત–વીર્યવાન આત્મા છે કે જે સ્વબળ વડે રત્નત્રય પ્રગટ કરે છે. બળ નામની એક ઔષધિ આવે છે તેમ આત્મામાં વીર્યબળરૂપ એવું ઔષધ છે કે જે સર્વ કષાયરોગનો નાશ કરીને અવિકારી રત્નત્રયનું અને કેવળજ્ઞાનાદિ–ચતુષ્ટયનું અનંત બળ આપે છે; રાગમાં એવું બળ નથી કે રત્નત્રય આપે. અનંત ગુણરૂપ જે આત્મસ્વભાવ છે તેના આ આશ્રયે મોક્ષમાર્ગ અને મોક્ષ પ્રગટે છે. આવો સાચો મોક્ષમાર્ગ વિચારીને તેનું સ્વરૂપ નક્કી કરવું જોઈએ.

નિશ્ચયથી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની એકતારૂપ એક જ મોક્ષમાર્ગ છે; બે મોક્ષમાર્ગ નથી. 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ.' એક નિશ્ચય મોક્ષમાર્ગ અને એક વ્યવહાર મોક્ષમાર્ગ—એમ બે મોક્ષમાર્ગ માનવા મિથ્યા છે–એમ પં. ટોડરમલ્લજીએ મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છે. નિશ્ચય મોક્ષમાર્ગ સિવાય બીજા કોઈને મોક્ષમાર્ગ કહેવો તે ખરેખર મોક્ષમાર્ગ નથી, પણ માત્ર ઉપચાર છે—એમ જાણવું. શુદ્ધ આત્મતત્ત્વને જાણીને, શ્રદ્ધા કરીને તેના અનુભવવડે જ મોક્ષ પમાય છે, બીજો માર્ગ નથી.....નથી.

પ્રવચનસારમાં કહે છે કે—અતીતકાળમાં ક્રમશઃ થઈ ગયેલા સમસ્ત તીર્થંકર ભગવંતોએ આ એક જ પ્રકારથી કર્માંશોનો ક્ષય પોતે અનુભવ્યો, કેમકે બીજા પ્રકારનો

તુમ દોનોં પર હો વીતરાગ,
તુમ ધારત હો અદ્ભુત સુહાગ. ૬૯

અભાવ હોવાથી તેમાં દ્વૈત સંભવતું નથી. એ રીતે શુદ્ધાત્માના અનુભવ વડે પોતે કર્મનો ક્ષય કરીને તે સર્વે તીર્થંકરભગવંતોએ પરમ આપ્તપણાને લીધે ત્રણેકાળના મુમુક્ષુઓને પણ એ જ પ્રકારનો ઉપદેશ કર્યો અને પછી તેઓ મોક્ષને પામ્યા. માટે નિર્વાણનો અન્ય માર્ગ નથી એમ નક્કી થાય છે. આ રીતે એક જ પ્રકારના સમ્યક્ માર્ગનો નિર્ણય કરીને આચાર્યદેવ કહે છે કે અહો! આવો મોક્ષમાર્ગ ઉપદેશનારા ભગવંતોને નમસ્કાર હો.

અર્હંત સૌ કર્મો તણો કરી નાશ એ જ વિધિ વડે,
ઉપદેશ પણ એમ જ કરી, નિર્વૃત થયા; નમું તેમને.
શ્રમણો–જિનો–તીર્થંકરો એ રીત સેવી માર્ગને,
સિદ્ધિ વર્યા, નમું તેમને, નિર્વાણના તે માર્ગને.

શુદ્ધઆત્મઅનુભૂતિરૂપ જે નિશ્ચય રત્નત્રય તે સિવાય બીજો કોઈ મોક્ષનો માર્ગ નથી–નથી. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર એ ત્રણે સ્વરૂપ એક મોક્ષમાર્ગ છે, પણ જુદા જુદા ત્રણ મોક્ષમાર્ગ નથી. સમ્યગ્દર્શન હોય ત્યાં સમ્યગ્જ્ઞાન સાથે હોય જ છે, અને ત્યાં અનંતાનુબંધી કષાયના અભાવરૂપ ચારિત્રનો અંશ પણ હોય છે. આ રીતે શુદ્ધ રત્નત્રયરૂપ એક જ મોક્ષમાર્ગ છે. પછી તે રત્નત્રયની શુદ્ધિમાં તારતમ્યપણે ભલે અનેક પ્રકાર હોય, પણ તેમાં જાત એક જ છે; જેટલી રત્નત્રયની શુદ્ધતા છે તેટલો જ મોક્ષમાર્ગ છે, બીજો કોઈ મોક્ષમાર્ગ નથી.

પ્રશ્ન :—ઘણે ઠેકાણે નિશ્ચય અને વ્યવહાર એમ બે પ્રકારે મોક્ષમાર્ગ કહ્યા છે અને તમે તો મોક્ષમાર્ગ એક જ કહો છો, તો તેમાં વિરોધ નથી?

ઉત્તર :—ના; સાચો મોક્ષમાર્ગ એક જ છે, અને બીજો કોઈ ખરેખર મોક્ષમાર્ગ નથી—એમ નિર્ણય કરીને સાચા મોક્ષમાર્ગને જ મોક્ષમાર્ગરૂપે ગ્રહણ કરવો, તે જ અવિરુદ્ધપણું છે. પણ, નિશ્ચયમોક્ષમાર્ગ તે પણ માર્ગ છે, અને વ્યવહારમોક્ષમાર્ગ તે પણ માર્ગ છે–એમ બંનેને સાચાં માનીને અંગીકાર કરતાં તો વિરોધ આવે છે. એક નિશ્ચયમોક્ષમાર્ગ તે સાચો માર્ગ છે અને બીજો માર્ગ કહેવો તે તો માત્ર ઉપચાર છે, તે સાચો માર્ગ નથી,—એમ ઓળખતાં જ સાચા મોક્ષમાર્ગનું જ્ઞાન થાય છે, અને તેમાં જ બંને નયોના સાચા અર્થનો સ્વીકાર થાય છે.

આત્માના શુદ્ધસ્વભાવની અનુભૂતિસ્વરૂપ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રના જે શુદ્ધ

તુમ ઐસે હો વૈસે મુનીશ,
મુઝ અલ્પબુદ્ધિકા કથન ઇશ;

વીતરાગ પરિણામ છે તે તો સાચો મોક્ષમાર્ગ છે એટલે નિશ્ચયથી ખરેખર તે મોક્ષમાર્ગ છે; અને ત્યાં, જે સાચો મોક્ષમાર્ગ તો નથી પણ મોક્ષમાર્ગની સાથે નિમિત્તપણે વર્તે છે તેને પણ મોક્ષમાર્ગ કહેવો તે વ્યવહાર છે. 'कारण सो ववहारो'—વ્યવહારને નિશ્ચય-મોક્ષમાર્ગનું કારણ કહ્યું તે પણ ઉપચાર છે એટલે નિમિત્તરૂપ છે—એમ સમજવું. જેમ ઉપાદાન વગરનું નિમિત્ત તે ખરેખર નિમિત્ત નથી, તેમ નિશ્ચયની અપેક્ષા વગરનો વ્યવહાર તે ખરેખર વ્યવહાર નથી. નિશ્ચય વગર એકલો વ્યવહાર હોતો નથી, એટલે પહેલાં એકલો વ્યવહાર હોય ને તેનાથી નિશ્ચય પમાય—એ વાત સાચી નથી. 'બંને સાથ રહેલ'—એટલે નિશ્ચય અને વ્યવહાર બંને સાથે રહેલ હોવા છતાં તેમાં સત્ય મોક્ષમાર્ગ તો એક જ છે, બે નથી.

સાચા મોક્ષમાર્ગના નિર્ણય માટે આ વાત પ્રયોજનભૂત હોવાથી વારંવાર ઘૂંટાય છે. સાધકને એક પર્યાયમાં નિશ્ચય–વ્યવહાર બંને સાથે વર્તે છે, તેમાં નિશ્ચય રત્નત્રય તે સત્યાર્થ મોક્ષમાર્ગ છે, અને તેને અનુકૂળપણે શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રના જે શુભ વિકલ્પો વર્તે છે તેમાં મોક્ષમાર્ગનો વ્યવહાર કરવો તે ઉપચાર છે, તે સત્યાર્થ નથી. એક જ સત્ય મોક્ષમાર્ગ, ને બીજો સત્ય નહિ પણ ઉપચાર,—એમ મોક્ષમાર્ગનું સ્વરૂપ વિચારવું. નિશ્ચય અને વ્યવહાર બંને ભેગાં થઈને એક મોક્ષમાર્ગ છે–એમ નથી, નિશ્ચય તે એક જ મોક્ષમાર્ગ છે. (ક્રમશઃ) ❋

## બાળકો માટેના પ્રશ્નના ઉત્તર

| | | | |
|---|---|---|---|
| (૧) શાંતિનાથ, પદ્મપ્રભુ | (૬) અનંત, છ | (૧૨) વીર | (૧૭) જીવ, જ્ઞાન, જ્ઞાનથી |
| (૨) મહાવીર (૭૨ વર્ષ) | (૭) પ્રથમાનુયોગ | (૧૩) સુવર્ણપુરી (સોનગઢ) | (૧૮) અજીવ, જાણતું |
| (૩) ૬૦૮ | (૮) લોભ | (૧૪) હાથી | (૧૯) છ, સાત |
| (૪) બાહુબલી | (૯) બહેનશ્રી ચંપાબેન | (૧૫) ૪૬ | (૨૦) જીવ, પુદ્ગલ |
| (૫) આદિનાથ | (૧૦) એકત્વ | (૧૬) કુંદકુંદાચાર્ય | |
| | (૧૧) માન, લોભ | | |

નહિં સમરથ સર્વ માહાત્મ જ્ઞાન,
સુખકર અમૃત-સાગર સમાન. ૭૦

## પરમાત્મધ્યાનભાવના-નામમાળા

પર્યાય પોતે ધ્રુવસ્વભાવમાં એકાગ્ર થઈને પોતાના પરમાનંદસ્વરૂપને ભેટે છે, તે મોક્ષમાર્ગ છે. તેનાં અનેક નામ છે. દ્રવ્યસંગ્રહમાં તેનું સરસ કથન કર્યું છે. ત્યાં કહે છે કે—સહજ શુદ્ધ જ્ઞાનદર્શનસ્વભાવ પરમાત્મતત્ત્વના સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુચરણરૂપ અભેદરત્નત્રયાત્મક પરમસમાધિમાં સર્વપ્રદેશે આહ્લાદકારી સુખના આસ્વાદરૂપ પરિણતિસહિત, એવા નિજાત્મામાં રત-પરિણત-તલ્લીન-તેમાં એકાગ્રચિત્ત-તન્મય થાય છે તે નિશ્ચયથી પરમઉત્કૃષ્ટ ધ્યાન છે; તે ધ્યાનમાં સ્થિત જીવોને જે વીતરાગ-પરમાનંદસુખ અનુભવાય છે તે જ નિશ્ચય-મોક્ષમાર્ગનું સ્વરૂપ છે. તેને જ બીજા પર્યાયવાચી નામોથી શું-શું કહેવાય છે ? તે અહીં બતાવે છે;— આનું નામ છે 'પરમાત્મધ્યાનભાવના-નામમાળા.' અને આ નામમાળા યથાસંભવ સર્વત્ર યોજવાનું કહ્યું છે.—

* તે જ શુદ્ધાત્મસ્વરૂપ છે.
* તે જ પરમાત્મસ્વરૂપ છે.
* તે જ સુખામૃતસરોવરના પરમહંસસ્વરૂપ છે.
* તે જ પરમ બ્રહ્મસ્વરૂપ છે.
* તે જ પરમ વિષ્ણુસ્વરૂપ છે. (વિષ્ણુ=સ્વગુણોમાં વ્યાપક)
* તે જ પરમ શિવસ્વરૂપ છે. (શિવ=આત્મકલ્યાણ)
* તે જ પરમ બુદ્ધસ્વરૂપ છે. (બુદ્ધસ્વરૂપ=જ્ઞાનસ્વરૂપ)
* તે જ પરમ નિજસ્વરૂપ છે.
* તે જ પરમ સ્વાત્મ-ઉપલબ્ધિલક્ષણ સિદ્ધસ્વરૂપ છે.
* તે જ નિરંજનસ્વરૂપ છે.
* તે જ નિર્મળસ્વરૂપ છે.
* તે જ સ્વસંવેદનજ્ઞાન છે.
* તે જ પરમ તત્ત્વજ્ઞાન છે.
* તે જ શુદ્ધાત્મદર્શન છે.
* તે જ પરમ અવસ્થાસ્વરૂપ છે.
* તે જ પરમાત્માનું દર્શન છે.
* તે જ પરમાત્મજ્ઞાન છે.
* તે જ શુદ્ધાત્મજ્ઞાન છે.
* તે જ ધ્યેયભૂત, શુદ્ધપારિણામિક-ભાવ છે. (અભેદપણે)
* તે જ ધ્યાનભાવનાસ્વરૂપ છે.
* તે જ શુદ્ધચારિત્ર છે.
* તે જ અંતર્તત્ત્વ છે.
* તે જ પરમ તત્ત્વ છે
* તે જ શુદ્ધાત્મદ્રવ્ય છે.
* તે જ પરમજ્યોતિ છે.
* તે જ શુદ્ધાત્મઅનુભૂતિ છે.

(ક્રમશઃ) *



# પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા

પ્રશ્ન :—રાગને આત્માની સૂક્ષ્મ સંધિ દેખાતી નથી, બીજા વિચારો આવ્યા કરે છે તો પ્રજ્ઞાછીણી કેમ મારવી?

ઉત્તર :—પોતે ઊંધો પુરુષાર્થ કરે છે તેથી બીજા વિચારો આવ્યા કરે છે. પુરુષાર્થ કરીને ઉપયોગને સ્વભાવ સન્મુખ સૂક્ષ્મ કરે તો આત્મા અને બંધની સંધિ દેખાય અને જુદા પાડી શકે છે.

પ્રશ્ન :—આત્મા અને બંધને જુદા કરવાનું સાધન શું?

ઉત્તર :—આત્મા અને બંધને જુદા પાડવામાં ભગવતીપ્રજ્ઞા જ એક સાધન છે. ભગવાનની ભક્તિ કરવી, પૂજા કરવી, પઠન-પાઠન, વ્રત-તપ આદિ કરવા એ કોઈ સાધન નથી. ભક્તિ-વ્રત-તપ આદિના રાગથી જુદા પાડવામાં પ્રજ્ઞા જ એક સાધન છે. રાગથી ભિન્ન સ્વભાવ સન્મુખ ઝુકાવ કરવો, સ્વભાવ સન્મુખ એકાગ્રતા કરવી, ઢળવું એ જ એક સાધન છે. રાગથી જુદા પડવામાં જ્ઞાન સિવાય બીજું કોઈ સાધન છે જ નહિ.

પ્રશ્ન :—ભેદજ્ઞાન ક્યાં સુધી ભાવવું?

ઉત્તર :—અચ્છિન્નધારાથી ભેદજ્ઞાન ત્યાં સુધી ભાવવું કે જ્યાં સુધી જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી જાય. પહેલાં પરથી ભિન્ન શુદ્ધાત્માની ભાવના કરતાં કરતાં જ્ઞાનમાં ઠરતાં રાગાદિથી ભિન્ન થઈને સમ્યગ્જ્ઞાન થાય છે. ત્યાર પછી પણ પરથી ભિન્ન એવા શુદ્ધાત્માની સતત ભાવના કરતાં કરતાં કેવળજ્ઞાન થાય છે. માટે, કેવળજ્ઞાન થતાં સુધી અચ્છિન્નધારાથી ભેદજ્ઞાન ભાવવું. આ ભેદજ્ઞાનની ભાવના તે રાગરૂપ નથી પણ શુદ્ધ આત્માના અનુભવરૂપ છે, એમ સમજવું.

પ્રશ્ન :—એક બાજુ કહે કે જ્ઞાનીનો ભોગ નિર્જરાનું કારણ છે. હવે શાસ્ત્ર તરફનું લક્ષ જાય છે તે શુભ રાગ હોવાથી બંધનું કારણ કહ્યું તો ભોગનો અશુભરાગ નિર્જરાનું કારણ કેમ હોય?

ઉત્તર :—જ્ઞાનીના જ્ઞાનનું માહાત્મ્ય બતાવવા ભોગને નિર્જરાનું કારણ કહ્યું છે. સમયસારમાં કહે છે કે હે જ્ઞાની! તું પરદ્રવ્યના ભોગને ભોગવ. તેમ કહ્યું છે ત્યાં ભોગ ભોગવવાની પ્રેરણા નથી આપી પણ પરદ્રવ્યના કારણે બંધ થતો નથી તેમ બતાવવાનો આશય છે. શાસ્ત્રમાં જ્યાં જે અભિપ્રાયથી કહ્યું હોય ત્યાં તે જ અભિપ્રાયથી સમજવું. આ તો અલૌકિક વાત છે.

પ્રશ્ન :—એમ છે કે આત્મા લખી શક્તો નથી એવું જ્ઞાનીને ભાન હોવા છતાં ‘હું લખું’ એવો વિકલ્પ તેને કેમ ઊઠે છે? જે થતું જ ન હોય તેનો વિકલ્પ કેમ ઊઠે? આકાશના ફૂલને ચૂંટવાનો કે વંધ્યાસુતને મારવાનો ભાવ કદી જ્ઞાની કે અજ્ઞાનીને આવતો નથી. જેમ આકાશનું ફૂલ અને વંધ્યાસુત અસત્ છે, તેથી તે વિકલ્પ ઊઠતો નથી તેમ લખવાની ક્રિયા આત્મા કરી જ શક્તો નથી—એમ જ્ઞાની જાણે છે છતાં તેને લખવાનો ભાવ કેમ થાય છે?

ઉત્તર :—જ્ઞાનીના અંતરમાં જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન વર્તે છે. તેમને રાગની પણ કર્તૃત્વબુદ્ધિ નથી, તો પછી દેહાદિની ક્રિયા કે લખવું વગેરે ક્રિયાની કર્તૃત્વબુદ્ધિ તેમને હોય જ ક્યાંથી? જ્ઞાનને અને રાગને જુદા ઓળખ્યા વગર, જ્ઞાનીનું અંતર શું કાર્ય કરી રહ્યું છે તેની ખબર અજ્ઞાનીને પડે નહીં. માટે પહેલાં જ્ઞાનસ્વભાવને અને રાગાદિને ભેદજ્ઞાન વડે ભિન્ન જાણવા જોઈએ. એ જાણ્યા પછી ‘જ્ઞાનીને લખવા વગેરેનો વિકલ્પ કેમ ઊઠે છે’ એ પ્રશ્ન જ નહિ રહે. જ્ઞાનીને દૃષ્ટિ જ પર ઉપરથી અને રાગ ઉપરથી છૂટી ગઈ છે, તેથી તેમને અસ્થિરતાના અલ્પ રાગમાં એવું જોર નથી આવતું કે જેથી કર્તૃત્વબુદ્ધિ થાય. ખરેખર ‘હું આમ કરું’ એવી ભાવના નથી પણ ‘હું જાણું’ એવી જ ભાવના છે. પોતાને ત્રણકાળનું જ્ઞાન વર્તમાનમાં નથી અને હજી રાગની લાયકાત ટળી નથી તેથી વિકલ્પ ઊઠ્યો છે, પણ જ્ઞાની તે વિકલ્પના અને પરની ક્રિયાના જાણનાર જ છે. રાગનો વિકલ્પ થાય છે તે પરાશ્રયે થાય છે અને રાગના અનેક પ્રકાર છે. ભિન્ન-ભિન્ન પ્રકારના રાગ વખતે ભિન્ન ભિન્ન પરદ્રવ્યનો આશ્રય હોય છે. જ્યારે બોલવા કે લખવાના લક્ષે રાગ થયો ત્યારે એવો વિકલ્પ થયો કે ‘હું બોલું, હું લખું.’ પરાશ્રિત રાગમાં એ પ્રમાણે વિકલ્પ ઊઠે છે, પણ જ્ઞાનમાં એવી માન્યતા નથી કે હું બોલી કે લખી શકું છું. આમાં તો એમ સિદ્ધ થાય છે કે રાગ તે આત્માનો સ્વભાવ નથી; જ્ઞાનીને જ્ઞાન અને વિકલ્પ બંને ભિન્ન ભિન્ન છે.

પ્રશ્ન :—સંયમલબ્ધિ સ્થાનને પુદ્‌ગલના પરિણામ કહ્યાં છે તો તે સરાગ સંયમ લેવો કે વીતરાગ સંયમ?

ઉત્તર :—સંયમ સરાગ હોતો નથી; વીતરાગી સંયમ છે, શુદ્ધ પર્યાય છે પણ એ ભેદ પડે છે તેના ઉપર લક્ષ કરતાં રાગ થાય છે તેથી તેને પુદ્‌ગલના પરિણામ કહ્યાં છે. જીવ તો એકરૂપ અભેદ અખંડ છે. તેમાં ભેદ પડતાં જેટલા પરિણામ જીવસ્થાન, માર્ગણાસ્થાન, ગુણસ્થાનના થાય તે બધા પુદ્‌ગલની ચિતરામણ છે, જીવના નથી તેમ નિ:સંદેહ જાણ તેમ કહે છે. (ક્રમશ:) ❊



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

**પ્રશ્ન** :—સ્વાધ્યાય કરતી વખતે જ્ઞાતા-દ્રષ્ટાપણું રાખવું જોઈએ તો તે કેવી રીતે રાખવું?

**સમાધાન** :—પોતાને અંદર જ્ઞાયકની પરિણતિ પ્રગટ થઈ હોય તો તે કાળે જ્ઞાતા-દ્રષ્ટાપણું રહે છે. હજી જેને જ્ઞાતાપણું પ્રગટ જ થયું નથી તેને તો જ્ઞાતા-દ્રષ્ટાપણું રાખવું મુશ્કેલ પડે છે. જ્ઞાયકને ઓળખી ભેદજ્ઞાન કરી જ્ઞાતાની—ભેદજ્ઞાનની પરિણતિ પ્રગટ કરી હોય તો દરેક શુભભાવ અને અશુભભાવમાં જ્ઞાતાપણું સહજપણે રહે છે. ક્ષણે ક્ષણે હું જ્ઞાયક છું, જ્ઞાયક છું એમ સહજપણે જ્ઞાતાના અસ્તિત્વ તરફની પરિણતિ રહ્યા જ કરે છે. શ્રુતના ચિંતવનના કાળે, કે શાસ્ત્ર-અભ્યાસ વખતે જ્ઞાતાધારા જુદી ને જુદી રહે છે. જેને એકત્વબુદ્ધિ છે, જિજ્ઞાસુની ભૂમિકા છે તેને જ્ઞાતાપણું હોતું નથી. તેને માત્ર ભાવના રહે છે કે હું જ્ઞાયક છું, પણ પરિણતિ પ્રગટ કરવાની બાકી છે.

જેને જ્ઞાયકની દશા પ્રગટ થઈ છે; સ્વાનુભૂતિની દશા પ્રગટી છે તે સવિકલ્પમાં આવે ત્યારે પણ તેને ભેદજ્ઞાનની ધારા રહે છે. દર્શન કરે, પૂજા કરે, ગમે તે કરે તોપણ તેને ભેદજ્ઞાનની ધારા ચાલુ જ રહે છે. જ્ઞાનીને બહારથી ભગવાનની ભક્તિ ઘણી દેખાય, શ્રુતનું ચિંતવન ઘણું દેખાય તો પણ ક્યાંય એકત્વબુદ્ધિ થતી નથી. જ્ઞાયકની ધારા જુદી ને જુદી વર્તે છે. કર્મમાં અમુક જાતનો રસ ઘણો પડે છે, પણ તેને ભેદજ્ઞાનની ધારા વર્તે છે તેથી સ્થિતિ લાંબી પડતી નથી.

**પ્રશ્ન** :—*આ સિદ્ધાન્તથી આચાર્યદેવને જ્ઞાયક ગ્રહણ કરાવવાનો હેતુ છે?*

**સમાધાન** :—હા, જ્ઞાયકને ગ્રહણ કરાવવો છે. જેટલું આ જ્ઞાન છે તેટલો આ આત્મા છે. બાકી જે દેખાય છે તે બધો વિભાવ છે. એક જ્ઞાનલક્ષણ આત્માને તું ઓળખી લે, એક જ્ઞાયકને ઓળખી લે. તેના ઉપર દૃષ્ટિ કર. ગુણ-ગુણી અભેદ છે તેના ઉપર દૃષ્ટિ સ્થાપી દે, તેમાં સંતોષ કર, તેમાં રુચિ કર, તેનાથી તૃપ્ત થા. તેમાં જ સર્વસ્વ છે, બહાર

| શ્રી ધર્મનાથ જિન સ્તુતિ | ધર્મ સત્ તીર્થકો જગ પ્રવર્તન કિયા,<br>ધર્મ હી આપ હૈં સાધુગણ લખ લિયા; |
|---|---|

કંઈ નથી. તેના ઉપર દૃષ્ટિ સ્થાપીને તેનું જ્ઞાન કર, તેની પરિણતિ કર, તેમાંથી સંતોષ મળશે, તેમાંથી તૃપ્તિ આવશે ને તેમાંથી જ અપૂર્વ સુખ પ્રગટ થશે. ભગવાન-સ્વરૂપ આત્મામાં જ બધું ભરેલું છે.—જ્ઞાયકમાં જ બધું ભર્યું પડ્યું છે. કોઈને એમ થાય કે એકલા જ્ઞાનમાં શું છે? જ્ઞાનમાંથી શું મળવાનું છે? પણ તે જ્ઞાનમાં અનંત-અનંત ભરેલું છે. જેટલું આ જ્ઞાન છે તેટલો આત્મા છે તેને તું ગ્રહણ કર.

**પ્રશ્ન :**—*વ્યવહારના ઘણા ભેદ પડે પણ મુખ્યતા તો અભેદની છે ને?*

**સમાધાન :**—ભેદ ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને એક અભેદને ગ્રહણ કરવાનો છે. એક અભેદને ગ્રહણ કરતાં ભેદનું જ્ઞાન વચ્ચે આવી જાય છે, પણ ભેદ ઉપર તેને દૃષ્ટિ રાખવાની નથી. બીજું બધું જ્ઞાન કર અને દૃષ્ટિ અભેદ ઉપર કર. દૃષ્ટિ તેમાં સ્થાપ્યા પછી તેમાંથી શુદ્ધ પર્યાયો સ્વયં પ્રગટ થશે. પહેલાં તું યથાર્થ નિશ્ચય કર કે જ્ઞાનસ્વરૂપ આત્મા તે જ હું છું. યથાર્થ દૃષ્ટિ પ્રગટ કર, દૃષ્ટિ જ મુખ્ય છે. દૃષ્ટિ એક અભેદ આત્મા ઉપર કર.

**પ્રશ્ન :**—*પ્રથમ જ્ઞાનથી આત્માના સ્વરૂપનો ભેદપૂર્વક વિચાર કરે કે હું આવા જ્ઞાનસામર્થ્યથી ભરેલો છું?*

**સમાધાન :**—પહેલાં વિકલ્પ દ્વારા નક્કી કરે છે. વિચારમાં એવા ભેદના વિચારો વચ્ચે આવ્યા વગર રહેતા નથી, પણ દૃષ્ટિ એક અભેદની કરવાની છે. દૃષ્ટિ અભેદ ઉપર ગઈ ને તેમાં લીન થતાં વિકલ્પ તૂટીને તેમાંથી સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. પહેલાં નિશ્ચય કરે, વ્યવહાર વચ્ચે આવશે પછી તે મતિ-શ્રુતની બુદ્ધિને સમેટીને નિર્વિકલ્પ થાય છે.

**પ્રશ્ન :**—*જિજ્ઞાસુ શુભભાવને હેય સમજે છે અને આવ્યા વગર રહેતા પણ નથી તેમ કેવી રીતે બંને વાત સમજે છે?*

**સમાધાન :**—હા, જિજ્ઞાસુ એમ સમજે છે. તેને શ્રદ્ધા છે કે શુભભાવ તો હેય છે, તો પણ વચ્ચે આવ્યા વગર રહેતા નથી. શુભભાવ આવે તો શ્રદ્ધામાં ભૂલ પડે છે એમ નથી. બહુ ભક્તિ કરે તો તેને વ્યવહારનો પક્ષ થઈ ગયો છે તેમ નથી. જિજ્ઞાસુ અંતરમાં પોતે જાણતો હોય છે, તેની શ્રદ્ધામાં હોય છે કે ગુરુએ કહ્યું છે કે તારો શુદ્ધાત્મા જુદો છે, શુભભાવ તારું સ્વરૂપ નથી. આ તેણે સ્વયં પણ નક્કી કરેલું છે તેથી તેની શ્રદ્ધામાં ભૂલ થતી નથી.

**ધ્યાનમય અગ્નિસે કર્મવન દગ્ધ કર,**
**સૌખ્ય શાશ્વત લિયા સત્ત્વ–શંકર અમર. ૭૧**

## બાળ વિભાગ

# મનુષ્ય-જન્મની દુર્લભતાના દસ દૃષ્ટાંત

(મનુષ્ય જન્મ, શરીરની સ્વસ્થતા, આર્યકુળ, સાચા દેવ, ગુરુ, જૈનધર્મ મળવો કેટલો દુર્લભ છે, આ સંબંધમાં શાસ્ત્રોમાં ઘણું જ વર્ણન છે, તે સંબંધી અમુક દૃષ્ટાંતો જૈન આરાધના કથાકોષમાંથી આપવામાં આવેલ છે.)

### ૨. પાસાનું દૃષ્ટાંત

મગધ દેશમાં શતદ્વાર નામનું એક સુંદર નગર હતું ત્યાના રાજાનું નામ શતદ્વાર હતું. શતદ્વારે પોતાના શહેરમાં જોવાલાયક એક સુંદર દરવાજો બનાવ્યો કે જેમાં અગિયાર સ્તંભ હતા અને તે એક એક સ્તંભમાં છન્નુ એવા સ્થાન બનાવ્યા કે જેમાં જુગારી પાસાથી હમેશા જુગાર રમ્યા કરતા હતા. એક શિવશર્મા નામના બ્રાહ્મણે તે જુગારીઓને વિનંતી કરી કે ભાઈઓ ! હું અતિ દરિદ્ર છું માટે મારા ઉપર એક ઉપકાર કરો કે તમે રમવાવાળાના પાસા કોઈ સમયે બધાના એક સરખા પડે તો બધું જ ધન-સામગ્રી મને આપી દો તો તમારું ભલું થશે. જુગારીઓએ શિવશર્માની પ્રાર્થના સ્વીકાર કરી લીધી. તેમને વિશ્વાસ હતો કે આવું બનવું લગભગ અસંભવ જ છે. પણ દૈવયોગથી એવું થયું કે એક વાર બધાનો દાવ એક સરખો જ પડ્યો અને પોતાની પ્રતિજ્ઞાનુસાર બધું જ ધન શિવશર્માને આપવું પડ્યું તે ધન પામીને તે ખૂબ જ ખુશ થયો. આ દૃષ્ટાંતથી એમ બોધ લેવો કે જેવો યોગ શિવશર્માને મળ્યો તેવો કદાચ યોગ મળે અને ધનની પ્રાપ્તિ પણ થઈ જાય પણ મનુષ્યજન્મ એકવાર પ્રમાદના વશમાં થઈ નષ્ટ કર્યો તો પછી સહજતાથી મળી શકે તેમ નથી. માટે સત્પુરુષોએ હંમેશા એવું પવિત્ર કાર્ય કરતાં રહેવું જોઈએ કે જે મનુષ્ય-જન્મ કે સ્વર્ગ-મોક્ષ પ્રાપ્ત કરાવે. માટે જિનેન્દ્ર ભગવાનની પૂજા, દાન, પરોપકાર, વ્રત પાલન, બ્રહ્મચર્ય, ધર્મધ્યાન આદિ પ્રતિદિન કરવા જોઈએ.

### ૩. ધાન્ય (અનાજ)નું દૃષ્ટાંત

જમ્બૂદ્વીપ સમાન લાંબો અને એક હજાર યોજન અર્થાત્ બે હજાર કોસ કે ચાર કોસ ઉંડો એક ખાડો ખોદીને તેને રાઈથી ભરી દેવામાં આવે. અને તેમાંથી રોજ રોજ એક એક દાણો કાઢવામાં આવે આમ દરરોજ કરતા રહેવાથી એક દિવસ એવો આવશે કે તે કુંડ ખાલી થઈ જશે. પણ જો પ્રમાદમાં આ જન્મ નાશ પામ્યો તો તે સમય પાછો આવવો અસંભવ થઈ જશે કે જેનાથી ફરીને મનુષ્ય જન્મ મળે. માટે બુદ્ધિમાનોએ પ્રાપ્ત

देव मानव भक्तिवृन्दसे सेवितं,
बुद्ध गणधर प्रपूजित महाशोभितं;

કરેલ મનુષ્ય જન્મને નિષ્ફળ ન જવા દેવા માટે જિનેન્દ્ર પૂજન, વ્રત, દાન, સ્વાધ્યાય આદિ પવિત્ર કામોમાં મન લગાવવું જે પરંપરા મોક્ષનું સાધન છે.

## અનાજનું બીજું દૃષ્ટાંત

અયોધ્યાનો રાજા પ્રજાપાલ ઉપર જિતશત્રુ નામના રાજાએ ચઢાઈ કરી અને ચારે બાજુથી અયોધ્યાને ઘેરી લીધું. ત્યારે રાજાએ પોતાની પ્રજાને કહ્યું કે જેની પાસે જેટલા પણ અનાજના કોથળા હોય તે બધા લાવીને મારા ભંડાર કક્ષમાં સુરક્ષિતરૂપે મૂકી દે. હું ઈચ્છું છું કે શત્રુને એક પણ દાણો અનાજનો પ્રાપ્ત ન થાઓ. આવી હાલતમાં મજબૂરીમાં તેને પાછા ફરવું પડશે. આખી પ્રજાએ તેમ જ કર્યું જ્યારે અભિમાની રાજાને અન્નનો દાણો ન મળ્યો તો થોડા દિવસમાં તેની અક્કલ ઠેકાણે આવી ગઈ, તેની સેના ભૂખે મરવા લાગી અંતમાં જિતશત્રુને ખાલી હાથે પાછા ફરવું પડ્યું. જ્યારે શત્રુસેના ઘેરો ઉઠાવીને ચાલી ગઈ ત્યારે પ્રજાએ પોતાના અનાજ પાછું લેવા માટે રાજાને વિનંતી કરી, રાજાએ કહ્યું બધા લોકો પોતપોતાનું અનાજ ઓળખીને લઈ જાય. કોઈવાર કર્મયોગે આવો બનાવ પણ સંભવે છે પણ એકવાર મનુષ્ય જન્મ વ્યર્થ ચાલ્યું ગયું તો તે પાછું મળવું અત્યંત દુર્લભ છે. માટે તેને વ્યર્થ ન ગુમાવો ને સદા શુભકાર્યોમાં ચિત્ત લગાવેલું રાખો.

## ૪. જુગારનું દૃષ્ટાંત

શતદ્વારપુરમાં પાંચસો સુંદર દરવાજાઓ છે તેમાં એક-એક દરવાજામાં પાંચ-પાંચસો અડ્ડાઓ છે. તેમાં એક-એક અડ્ડામાં પાંચસો જુગારી જુગાર રમે છે. તેમાં એક ચયી નામનો જુગારી છે આ બધા જુગારી કોડીઓ જીતીને પોત-પોતાના ગામમાં ચાલ્યા ગયા પણ ચયી ત્યાં જ રહ્યો. ભાગ્યવશે આ જુગારી ને ચયીનો મુકાબલો થવો સંભવ છે પણ નષ્ટ થયેલ મનુષ્યજન્મ પુણ્યહીનને ફરી મળવો કઠણ છે.

## જુગારનું બીજું દૃષ્ટાંત

આ જ શતદ્વારપુરમાં એક નિર્લક્ષણ નામનો જુગારી હતો. તેનો પાપકર્મનો તીવ્ર ઉદય હતો તે સ્વપ્નમાં પણ કોઈ દિવસ જીતી શકતો ન હતો. એક દિવસ ભાગ્યવશ તે ખૂબ ધન જીત્યો અને તે ધનને તેણે ગરીબોમાં વહેંચી દીધું. ગરીબ તે ધનને લઈને ચારે દિશામાં જ્યાંથી આવ્યા હતા ત્યાં ચાલ્યા ગયા. પણ દૈવયોગે તે ફરી એકઠા થઈ શકે છે, પણ ચાલ્યો ગયો મનુષ્ય જન્મ ફરી મળવો દુષ્કર છે. માટે જ્યાં સુધી મોક્ષ ન મળે ત્યાં સુધી મનુષ્યજન્મ પ્રાપ્ત થતો રહે તે માટે સદાય ધર્મનું શરણ લેવું જોઈએ. (ક્રમશઃ) ❊

જિસ તરહ ચંદ્રમા નભ સુનિર્મલ લસે,
તારકા વેષ્ઠિતં શાંતિમય હુલ્લસે. ૭૨

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન તથા ઉત્તર

(આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા ભરો.)

(૧) ..................નું પહેલું સૂત્ર 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' છે. (પંચાધ્યાયી, મોક્ષમાર્ગપ્રકાશક, મોક્ષશાસ્ત્ર)

(૨) દ્રવ્ય-ગુણ-પર્યાયમાં સંખ્યા અપેક્ષાએ ................ સમાન છે. (દ્રવ્ય-પર્યાય, ગુણ-પર્યાય, દ્રવ્ય-ગુણ)

(૩) સમયસાર શાસ્ત્રમાં ............... ને જ આત્મા કહ્યો છે. (ચારિત્ર, જ્ઞાન, સુખ)

(૪) બધા જ જીવોમાં અજ્ઞાનદશા કાયમ નથી રહેતી તેનું કારણ ............. ગુણ છે. (દ્રવ્યત્વ, અસ્તિત્વ, પ્રમેયત્વ)

(૫) ઉચ્છ્‌વાસ એ ................ કર્મ પ્રકૃતિનો પ્રકાર છે. (નામ, આયુ, વેદનીય)

(૬) શુક્લ લેશ્યા અજ્ઞાનીને પણ હોય છે, જ્યારે શુક્લધ્યાન માત્ર .............. ને હોય છે. (અવિરત સમ્યગ્દષ્ટિ, શ્રાવક, ભાવલિંગી મુનિ)

(૭) જીવ દ્રવ્યમાં વિભાવ વ્યંજન પર્યાય .....માં ગુણસ્થાન સુધી હોય છે.(૧૨, ૭, ૧૪)

(૮) આહારક–તેજસ સમુદ્‌ઘાત...... ગુણસ્થાનમાં થાય છે.(સાતમા, છઠ્ઠા, અગિયારમા)

(૯) મેરુ પર્વતની ............. દિશામાં ભરતક્ષેત્ર આવેલ છે. (ઉત્તર, પશ્ચિમ, દક્ષિણ)

(૧૦) છઢાળાના મંગલમાં .................ને નમસ્કાર કર્યા છે. (મહાવીર ભગવાન, વીતરાગ વિજ્ઞાન, સિદ્ધ ભગવાન)

(૧૧) બારમાં ગુણસ્થાનવર્તી મુનિને નિયમથી ................. સમ્યક્ત્વ હોય છે. (ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક)

(૧૨) પૂજ્ય ગુરુદેવશ્રીના વચનામૃતમાં આવે છે કે, "હું એક અખંડ જ્ઞાયકમૂર્તિ છું, વિકલ્પનો એક અંશ પણ મારો નથી, એવો સ્વાશ્રયભાવ રહે તે ................નું કારણ છે." (સંસાર, સ્વર્ગ, મુક્તિ)

(૧૩) પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃતમાં આવે છે કે ".............. ની ભાવના કદી નિષ્ફળ જતી નથી, સફળ થાય જ છે." (મોક્ષ, ચૈતન્ય, પુણ્ય)

(૧૪) સમવસરણની શ્રીમંડપ ભૂમિની બારસભામાં પ્રથમ સભા ..........હોય છે. (મુનિ, મનુષ્ય, કલ્પવાસીદેવ)

(૧૫) સપ્તભંગીમાં અસ્તિ-નાસ્તિ એ બંને જીવના સ્વભાવ છે તો પણ એક સાથે કહેવા અશક્ય છે માટે જીવ .................... છે. (સ્યાત અસ્તિ-નાસ્તિ, સ્યાત અસ્તિ અવક્તવ્ય, સ્યાત અવક્તવ્ય)

(૧૬) અખંડ આત્માના ગુણોનો ભેદ કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું કથન કરવું એ......... રત્નત્રય છે. (ભેદાત્મક, અભેદાત્મક, ભેદાભેદાત્મક)

(૧૭) ''અનેકાંતમય મૂર્તિ સદા પ્રકાશમાન રહો'' એ વાત ............... શાસ્ત્રના બીજા કળશમાં કહી છે. (નિયમસાર, સમયસાર, પ્રવચનસાર)

(૧૮) કર્મના ઉદયનાં કારણે રાગ થયો એમ માનવામાં આવે તો........... અભાવને માન્યો નથી. (અન્યોન્ય, પ્રાગ, અત્યંત)

(૧૯) અગિયારમાં જયસેન ચક્રવર્તી .............. ગયા છે. (સ્વર્ગ, મોક્ષ, નરક)

(૨૦) નિષ્પ્રયોજન જમીન ઉપર ચાલવું એ ................ અનર્થદંડનો પ્રકાર છે. (દુઃશ્રુતિ, પ્રમાદચર્યા, હિંસાદાન)

## પ્રૌઢ માટેના આપેલ પ્રશ્નોના ઉત્તર

| | | | |
|---|---|---|---|
| (૧) મોક્ષશાસ્ત્ર | (૬) ભાવલિંગી મુનિ | (૧૧) ક્ષાયિક | (૧૬) ભેદાત્મક |
| (૨) ગુણ-પર્યાય | (૭) ૧૪ | (૧૨) મુક્તિ | (૧૭) સમયસાર |
| (૩) જ્ઞાન | (૮) છઠ્ઠા | (૧૩) ચૈતન્ય | (૧૮) અત્યંત |
| (૪) દ્રવ્યત્વ | (૯) દક્ષિણ | (૧૪) મુનિ | (૧૯) મોક્ષ |
| (૫) નામ | (૧૦) વીતરાગ વિજ્ઞાન | (૧૫) સ્યાત્ અવક્તવ્ય | (૨૦) પ્રમાદચર્યા |

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(ખાલી જગ્યા ભરો.)

૧) સોનગઢના મૂળનાયક શ્રી સીમંધર ભગવાનની બન્ને બાજુ ગુલાબી આરસના (૧) ...................... તથા (૨)........................... ભગવાન છે.

(૨) ૨૪ તીર્થંકરોમાં સૌથી ઓછું આયુષ્ય .................... ભગવાનનું હતું.

(૩) દર છ માસ ૮ સમયમાં .................... જીવ મોક્ષ જાય છે.

(૪) ................... મુનિરાજે ૧ વર્ષ સુધી કાયોત્સર્ગ તપ કર્યો હતો.

(૫) ................. મુનિરાજને ૬ મહિના સુધી આહાર મળ્યો નહોતો.

(૬) આત્મામાં જીવ અપેક્ષાએ સામાન્ય ગુણો ................ છે અને સંખ્યા અપેક્ષાએ ................ છે.

(૭) જેમાં મહાપુરુષોનું વર્ણન આવે છે તેને.................. યોગ કહેવામાં આવે છે.

(૮) ......................ને પાપનો બાપ કહેવામાં આવે છે.

(૯) પૂજ્ય ગુરુદેવશ્રીએ ભગવતી આ ઉપમા ...................... ને આપેલ હતી.

(૧૦) બાર ભાવનામાં પહેલી ભાવના ................ ભાવના છે.

(૧૧) ક્રોધ, ............... માયા, ............... આ ચાર કષાય છે.

(૧૨) અમે ............... પ્રભુના સંતાન છીએ.

(૧૩) પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિનું નામ ................... છે.

(૧૪) અજિતનાથ ભગવાનનું ચિહ્ન .................. છે.

(૧૫) અરિહંત પરમેષ્ઠીને .................. ગુણ હોય છે.

(૧૬) પંચ પરમાગમ આચાર્ય .................. મુનિએ બનાવેલ છે.

(૧૭) હું ............. છું, મારામાં ............ છે અને હું ................. જાણું છું.

(૧૮) શરીર ............ છે, તે કાંઈ ................... નથી.

(૧૯) દ્રવ્ય ............... છે. તત્ત્વ ............. છે.

(૨૦) ક્રિયાવતી શક્તિ ................ અને ................. દ્રવ્યમાં જ હોય છે.

---

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

પ્રાતઃ ૬-૧૫ થી ૬-૩૫ : પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ

સવારે ૮-૩૦ થી ૯-૩૦ : શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન

બપોરે ૩-૧૫ થી ૪-૧૫ : શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન

બપોરે ૪-૧૫ થી ૪-૪૫ : શ્રી જિનેન્દ્ર ભક્તિ

રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ : શ્રી પુરુષાર્થસિદ્ધિઉપાય ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન

### ✻ પૂજ્ય બહેનશ્રીની પંચાહ્નિક ઉપકાર-સ્મૃતિ ✻

ઉપકારમૂર્તિ સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સાંવત્સરિક ઉપકાર સ્મૃતિદિન, વૈશાખ સુદ ૧૪ તા. ૧૧-૫-૨૦૨૫ થી વૈશાખ વદ ૩, તા. ૧૫-૫-૨૦૨૪ સુધી—પાંચ દિવસ, સુવર્ણપુરીમાં શ્રી પંચપરમેષ્ઠી મંડલ વિધાન પૂજા તથા સ્વાનુભૂતિમાર્ગ-

પ્રકાશનરૂપ અનેક ઉપકારોના ભાવભીના સ્મરણપૂર્વક વિરહવેદનાના ઉદાસીભર્યા વાતાવરણમાં વિવિધ જ્ઞાનોપાસનાપૂર્વક સાદગીથી મનાવવામાં આવશે.

**✻ શ્રી સમવસરણ મંદિરનો ૮૪મો વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ ✻**

વૈશાખ વદ ૬ તા. ૧૮-૫-૨૦૨૫, રવિવારના રોજ સોનગઢ શ્રી સમવસરણ મંદિર પ્રતિષ્ઠાનો ૮૪મો વાર્ષિક દિવસ પૂજા ભક્તિના વિશેષ કાર્યક્રમ સહ મનાવવામાં આવશે.

**✻ શ્રી સ્વાધ્યાયમંદિર ઉદ્‌ઘાટન તથા સમયસાર સ્થાપનાનો વાર્ષિક દિવસ ✻**

વૈશાખ વદ ૮ તા. ૨૦-૫-૨૦૨૫, મંગળવારના રોજ શ્રી સ્વાધ્યાયમંદિર ઉદ્‌ઘાટન તથા સમયસાર સ્થાપનાનો ૮૮મો વાર્ષિક દિવસ પૂજા ભક્તિના વિશેષ કાર્યક્રમ સહ મનાવવામાં આવશે.

**✻ શ્રુતપંચમી પર્વ ✻**

જેઠ સુદ ૫, તા. ૩૧-૫-૨૦૨૫, શનિવારના દિવસે શ્રુતપંચમી પર્વ શ્રી ષટ્‌ખંડાગમ જિનવાણીની પૂજા-ભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

---

## વૈરાગ્ય સમાચાર :–

✻ વઢવાણ નિવાસી નયનાબા દશરથસિંહ ડોડિયા (ઉ.વ. ૬૫)નું તા. ૩-૨-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ મોરબી નિવાસી (હાલ અમદાવાદ) જસુમતીબેન નલીનકાંત દેસાઈ (ઉ.વ. ૮૯)નું તા. ૧૯-૨-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ ઉજ્જૈન નિવાસી સ્વ. વિમલચંદજી ઝાંઝરીની સુપુત્રી બા.બ્ર. જ્ઞાનધારાજીનું તા. ૨૭-૨-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓએ વર્ષો સુધી પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીનું રસપાન કરી તેને આત્મસાત્ કરી જિનધર્મના પ્રચાર-પ્રસારમાં રહ્યા હતા.

✻ જામનગર નિવાસી ડૉ. ઉપેન્દ્રભાઈ રમણલાલ કોઠારી (ઉ.વ. ૮૬)નું તા. ૨-૩-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓએ છેલ્લા ઘણા વર્ષોથી સોનગઢ નિવાસ કરીને તત્ત્વજ્ઞાનનો નિરંતર લાભ લેતા હતા.

✻ બોટાદ નિવાસી (હાલ ઘાટકોપર) મયંકભાઈ ઉમેદચંદ ગાંધી (ઉ.વ. ૬૭)નું તા. ૧૫-૩-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ બોટાદ નિવાસી (હાલ મલાડ) ઉષાબેન કીર્તિભાઈ નાગરદાસ કોઠારી (ઉ.વ. ૭૭)નું તા. ૧૭-૩-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ વિંછીયા નિવાસી (હાલ રાજકોટ) શ્રી ભૂપતરાય રતિલાલ શાહ (ઉ.વ. ૮૫)નું તા. ૩-૪-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ ચંદ્રકાંતભાઈ દધિયા (ઉ.વ. ૮૪)નું તા. ૧૨-૪-૨૦૨૫ના રોજ સોનગઢ મુકામે દેહ પરિવર્તન થયેલ છે.

✻ દામનગર નિવાસી (હાલ વાલકેશ્વર-મુંબઈ) નિર્મળાબેન ભુપેન્દ્રભાઈ કોઠારી (ઉ.વ. ૮૧)નું તા. ૧૪-૪-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

● જડની ક્રિયા જડના કારણે થાય છે પણ ધર્મીને પોતાના કારણે શુભરાગના કાળે શુભરાગ આવે છે પણ તે ધર્મ નથી. શુભરાગના અવલંબને ધર્મ થતો નથી. શુભરાગના કાળે સ્વઅવલોકન માત્ર ધાર્મિક ક્રિયા છે. આત્મા બહારની ચીજોને લાવી કે છોડી શકતો નથી. રાગના કારણે પર્યાય થાય નહીં તેમજ રાગથી ધર્મ થાય નહીં. ચિદાનંદ પદનું અવલોકન કરે તેટલો ધર્મ છે. ૬૮૫

● આત્માનો જાણવાનો સ્વભાવ એક પ્રકારે છે. પુણ્ય-પાપના વિકારો અનેક છે. કેમકે અનેક સંયોગોને અવલંબીને થયેલ છે ને જાણવું-દેખવું એકરૂપ સ્વભાવને અવલંબીને થયેલ છે માટે એક પ્રકારે છે. તેનો અનુભવ કરવો તે ધર્મ છે. ૬૮૬.

● પ્રશ્ન :—આ ન સમજાય ત્યાં સુધી શું કરવું ?

સમાધાન :—ન સમજાય ત્યાં સુધી આ સમજવાની મહેનત કરવી. સ્વભાવ શું, વિભાવ શું, કોના વલણથી લાભ કે નુકશાન થાય તેનો વિચાર કરવો, ઊંધો પ્રયત્ન કરે છે તે હવે સાચો પ્રયત્ન કરવો. શરીર અને વિકાર તરફ વલણ હતું તે ફેરવી નિત્યાનંદ સ્વભાવનું વલણ કરવું તે તારા હાથમાં છે. તારી અવસ્થાનો ધરનાર તું છો. ૬૮૭.

● જ્ઞાનચેતના, કર્મચેતના ને કર્મફળચેતના જીવમાં હોય છે. પુણ્ય-પાપના ભાવ કર્મચેતના છે, ને હરખ-શોકના ભાવ કર્મફળચેતના છે, અને ચેતના એકાકારરૂપે ચેતે તે જ્ઞાનચેતના છે. તે ત્રણે પોતાની પર્યાયમાં થાય છે. જીવની ચેતના વિકારરૂપે પરિણમે છે, તે જડને લીધે નહિ. ચેતનાને સ્વભાવમાં વાળે તે ધર્મ છે ને વિકારમાં વાળે તે અધર્મ છે. ૬૮૮.

● અભ્યંતર આનંદકંદમાં રમતા હોય તે મુનિ છે. જે આહારપાણી દોષવાળા લેતાં હોય છે તે નિશ્ચય અગર વ્યવહારથી પણ મુનિ નથી. મુનિ માટે ખાસ ચીજો બનાવે ને મુનિ તે લ્યે તો તે વ્યવહારથી પણ મુનિ નથી. વ્યવહારથી શુદ્ધિ નહીં હોવા છતાં મુનિ માને ને મનાવે તે મિથ્યાદૃષ્ટિ છે. એક રજકણ મારો નથી, પુણ્ય-પાપ મારા નથી. હું જ્ઞાયક છું એવી દૃષ્ટિ થઈ છે તેને વિકલ્પ ઊઠે તો એકવાર નિર્દોષ આહાર લ્યે વગેરે ૨૮ મૂળગુણ પાલનરૂપ વિરતિ વ્યવહાર પરિણતિ સાધક છે ને અંતરમાં ચારિત્રશક્તિ મુખ્ય થવી તે સાધ્ય છે. ૬૮૯.

આત્મધર્મ
મે-૨૦૨૫
અંક-૯ ● વર્ષ-૧૯

Posted at Songadh PO
Publish on 1-5-2025
Posted on 1-5-2025

Registered Regn. No. BVR-367/2024-2026
Renewed upto 31-12-2026
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૮/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org